CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૬૭
તા.૨૩-૦૭-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ અષાઢ વદ - ૦))
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૦૬ સૂર્યાસ્ત : ૦૭:૨૪

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | 33.૪ | વડોદરા | ૩૩.૯ |
| અમદાવાદ | ૩૪.૩ | સુરત | ૩૧.૦ |
| ગાંધીનગર | ૩૪.૨ | નલિયા | ૩૨.૮ |

ચાંદી : ૩૭૮૦૦ સોનું : ૨૯૧૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ

પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭

જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ગુજરાત પાણીમાં તરબોળ : સૌરાષ્ટ્રમાં પુર જેવી સ્થિતિ

## વિચાર વૈભવ...

### જૂજવાં રૂપ

યજ્ઞો અને પારાયણોમાં પૈસાનો ધુમાડો થાય છે, તેમ રાજકીય પક્ષોના જલસાઓમાં પણ કાળા બજારના ધનનો ધુમાડો થાય છે. દિલ્હી, મુંબઈ વગેરે મહાનગરોમાં પરિષદ, સંમેલન, સેમિનાર વગેરે નામો હેઠળ એક જાતના 'યજ્ઞો' જ ચાલ્યા કરતા હોય છે. મુંબઈમાં ડૉક્ટરોનો એક આંતરરાષ્ટ્રીય મેળો ભરાયો હતો, તેમાં બૉમ્બે હૉસ્પિટલ મેડિકલ ટ્રસ્ટના આઠ લાખ રૂપિયા હળવા થયા. એક હજાર આમંત્રિતો ભેગા થયા, ખાધું-પીધું ને મજા કરી. એમાં જે નિબંધો રજૂ થયા તેમાંથી કેટલાક ''અમેરિકન પાઠ્યપુસ્તકોમાંથી ઉઠાવાયેલા હતા,'' એમાં ડૉ.રાઝેલીન યેલો નામના અમેરિકન મહેમાને કહ્યું. આમ, આપણો ભણેલો વર્ગ યજ્ઞોની અંધશ્રદ્ધામાંથી છૂટીને બીજાં ધતિંગોને અંધશ્રદ્ધાઓમાં સપડાયો છે.

''મને ચૂંટણીની ટિકિટ કે હોદ્દો મળશે,'' એવી લાલચથી ખેંચાઈને અમુક લોકો રાજકીય પક્ષોના અધિવેશનોમાં જતા હોય, અને બીજા પ્રકારના લોકો પોતાનું કલ્યાણ થશે તેવી લાલચથી યજ્ઞોમાં જતા હોય, તો એ બન્ને શ્રદ્ધા કે અંધશ્રદ્ધા એકસરખી જ ગણાય. પહેલી લીલા બુદ્ધિવાદી ગણાતા લોકોની હોવાથી તે ફૅશનેબલ ગણાય, અને બીજી લીલા સામાન્ય વર્ગની હોવાથી તે અંધશ્રદ્ધા અને પાખંડ ગણાય!

ગામડાંના લોકો કે શહેરની ચાલીઓને ઝૂંપડપટ્ટીમાં વસનારાઓના જીવનમાં સ્વચ્છ મનોરંજન આપે એવું બીજું કશું નથી. એમના બંધ જીવનમાં માત્ર ધાર્મિક પ્રવૃત્તિ જ સુલભ છે, એટલે તેઓ એમાં આનંદ માણે છે. મનોરંજન કહો, ધર્મ કહો, ધતિગ કહો એ બધાં માટે આ એક જ સાધન છે. યજ્ઞ, અંધભક્તિ વગેરેમાં રહેલા લોકહૃદયને ખેંચનારાં તત્વોના નરવા વિકલ્પો આપણે પૂરા પાડી શક્યા નથી. આપણે જે નથી કરી શકતા તે જો મહારાજો કે કથાકારો વગેરે કરી શકતા હોય, તો દોષ આપણામાં છે.

- વાસુદેવ મહેતા

## સાર સમાચાર...

### મુખ્યમંત્રી રૂપાણી દ્વારા પૂરની સ્થિતિની સમીક્ષા

અમદાવાદ

ગુજરાતભરમાં આજે સાર્વત્રિક વરસાદ અને ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકમાં પૂરની પરિસ્થિતની ગંભીરતા ધ્યાને લઈ રાજયના મુખ્યપ્રધાન વિજયભાઈ રૂપાણી આજે સવારે ગાંધીનગર ખાતેના રાજય કંટ્રોલરૂમ પર પહોંચી ગયા હતા અને સમગ્ર રાજયની વરસાદી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. મુખ્યપ્રધાને ખુદ જવાબદાર અધિકારીઓ સાથે ટેલિફોનીક વાતચીત કરી પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી અસરકારક બનાવવા અને જરૂરિયાતમંદ લોકોને ફુડ પેકેટ સહિતની જરૂરી તમામ વ્યવસ્થા પૂરી પાડવા પણ કડક તાકીદ કરી હતી. મુખ્યમંત્રીએ આ વખતે આગાહીને ધ્યાનમાં લઈ સમગ્ર રાજયમાં તંત્ર અને અધિકારીઓ તેમ જ એનડીઆરએફ, એસટીઆરએફ સહિતની બચાવટીમો કાર્યરત હોવાથી વરસાદી મેઘતાંડવથી એટલી તબાહી સર્જાઈ નહી હોવાનો દાવો કર્યો હતો. મુખ્યમંત્રીએ પૂરગ્રસ્ત વિસ્તારના લોકોને બનતી તમામ સહાય પૂરી પાડવાની હૈયાધારણ આપી હતી.

## ચોટીલામાં ૧૬ ઈંચ : સૌરાષ્ટ્ર પંથકમાં જ દસ હજારથી વધુ લોકોનું સ્થળાંતર : રાજ્યમાં ભારે વરસાદની આગાહી વચ્ચે તંત્ર સાબદુ

અમદાવાદ

અમદાવાદ સહિત રાજયભરમાં આજે મેઘરાજાએ તેમનું રૌદ્ર સ્વરૂપ બતાવી જબરદસ્ત મેઘતાંડવ સર્જ્યું હતું. આજે સૌરાષ્ટ્ર પંથકના વિસ્તારોમાં શ્રીકાર વર્ષા સાથે બારે મેઘ ખાંગા થયા હતા. ચોટીલા, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી સહિતના પંથકોમાં તો જાણે આભ ફાટયું હતું. ચોટીલામાં ફરી એકવાર ૧૬ ઈંચ વરસાદ સાથે આભ ફાટવા સાથે સૌરાષ્ટ્રના અનેક પંથકોમાં આજે મેઘરાજાનું રૌદ્રસ્વરૂપ જોવા મળ્યું હતુ, જેના કારણે ઠેર-ઠેર સર્વત્ર જળપ્રલય સર્જાયો હતો. સેંકડો લોકો ફસાયા હતા, જેઓને કલાકોની ભારે જહેમત બાદ બચાવી લેવાયા હતા, તો દસ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાવાયું હતું. જો





કે, તેમછતાં આજે રાજયમાં વરસાદી અતિવૃષ્ટિમાં ત્રણથી વધુના મોત નીપજયા હતા. એનડીઆરએફ, એસડીઆરએફ, ફાયરબ્રિગેડ, સહિતની બચાવ ટીમો સતત કાર્યરત રહી હતી તો, કેટલાક પૂરગ્રસ્ત વિસ્તારોમાં તો, એરફોર્સની મદદ લઈ હેલિકોપ્ટની મદદથી પૂરના પાણીમાં ફસાયેલા લોકોને બચાવાયા હતા. રાજયમાં આજે સૌથી વધુ રેસ્કયુ ઓપરેશન સૌરાષ્ટ્રમાં મોરબી, વાંકાનેર, સુરેન્દ્રનગર, લીંબડી, માળીયામીયાંણા, મચ્છુ આસપાસના ગામો સહિતના વિસ્તારોમાં આજે હાથ ધરાયા હતા.સૌથી નોંધનીય વાત એ હતી કે, આ વખતે મોરબીના મચ્છુ-૧, ૨ અને ૩માં વર્ષો પહેલાં મોરબી હોનારત વખતે જેટલું પાણી આવ્યું હતું તેટલું પાણી આ વર્ષે આવ્યું હોવાછતાં આ વખતે અગાઉ જેવી મોટી હોનારત સર્જાઇ ન હતી. અલબત્ત, અતિ ભારે વરસાદની આગાહીને પગલે તંત્ર અને બચાવ ટીમોને પહેલેથી જ સાબદા રખાયા હોવાથી તેની કંઈક અંશે રાહત મળી હતી.

### સૌરાષ્ટ્ર તરફ જતી તમામ એસટી બસ ટ્રીપો રદ થઇ

ચોટીલા, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી સહિતના પંથકોમાં આજે આભ ફાટતાં જબરદસ્ત મેઘતાંડવ સર્જાયું હતું. વરસાદી મેઘતાંડવને પગલે આ પંથકોના વિસ્તારો ખાસ કરીને તમામ રોડ, રસ્તાઓ, જાહેરમાર્ગો અને રાજ્ય ધોરી માર્ગો ઉંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. રાજયમાં આજે વરસાદી જળપ્રલયના કારણે ગુજરાતભરમાં આશરે સેંકડો ધોરીમાર્ગો તંત્ર દ્વારા બંધ કરવામાં આવ્યા હતા. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ તરફના સ્ટેટ હાઈવે અને અનેક રસ્તાઓ બંધ કરી દેવાયા હતા. જેના કારણે સૌરાષ્ટ્ર તરફ જતી તમામ એસટી બસોની ટ્રીપો રદ કરી દેવાની ફરજ પડી હતી. અંદાજે, ૩૦૦થી વધુ એસટી બસોની ટ્રીપો રદ કરાતાં હજારો મુસાફરો જબરદસ્ત હાલાકીમાં મૂકાયા હતા.

## નાંણીના ૧૧૦ પરિવારો સલામત સ્થળે ખસેડાયા

### વ્હોળાનું ઘસમસતુ પાણી ઘરોમાં ફરી વળ્યું વહીવટી તંત્ર ન આવતા અસરગ્રસ્તોમાં આક્રોશ



ભરત સુંદેશા

ડીસા

લાખણી તાલુકાના નાંણી ગામે વ્હોળાનું ઘસમસતુ પાણી નિચાણવાળા ઘરોમાં ફરી વળ્યું હતું. જેથી ૧૧૦ પરિવારોને સ્થાનિક લોકોએ રસ્સા વડે બહાર કાઢી શાળામાં આશરો આપ્યો હતો. પરંતુ વહીવટીતંત્ર ના પહોંચતા અસરગ્રસતોમાં આક્રોશ છવાયો હતો.

નાંણી ગામ નિચાણવાળા ભાગે આવેલ છે. જ્યાં દર ચોમાસામાં આગળથી વ્હોળામાં પુર આવતા વ્યાપક નારાજગી સર્જાય છે ૨૦૧૦ અને ૨૦૧૫ માં વ્હોળામાં આવેલા ભયાનક પુરના કારણે ભારે તબાહી સર્જાઈ હતી. ત્યારે ગઈકાલે પણ ખાબકેલા અતિભારે વરસાદના કારણે વ્હોળામાં પુર આવ્યું હતું. જે પુરનુ પાણી ૧૧૦ ઘરોમાં ફરી વળ્યું હતું. જેથી સરપંચ પરબતભાઈ દેસાઈ અને અન્ય લોકો દોડી આવ્યા હતા અને વરસાદી પણી ફસાયેલા પરિવારોને રસ્સા વડે બહાર કાઢ્યા હતા અને તેમને ગામની

અનુસંધાન પાના નં.૬

## ડીસાના બટાટાની પ્રથમવાર રેલ્વે દ્વારા તામિલનાડુમાં નિકાસ

### ચેરમેન માવજીભાઈ દેસાઈએ લીલી ઝંડી આપતા બટાટા ભરેલી માલગાડી રવાના રેલ્વે સ્ટેશનથી પ્રથમ રેકમાં બટાટાના ૪૨ હજાર કટ્ટા તામિલનાડુ મોકલાયા

ડીસા

બટાટા નગરી તરીકે ખ્યાતિ પ્રાપ્ત ડીસા પંથકમાં ખેડૂતોને ચાલુ વર્ષે પોષણક્ષમ ભાવ ન મળતાં મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતો - વેપારીઓની વ્હારે આવી રાજ્ય સરકારે રાજ્ય બહાર બટાટાની નિકાસ માટે ટ્રાન્સપોર્ટ સબસીડી જાહેર કરાઈ હતી. જેથી ડીસા માર્કેટયાર્ડ અને કોલ્ડ સ્ટોરેજ એસોસિએશનના સહયોગથી પ્રથમ વખત રેલવે મારફત ૪૨ હજાર બટાટાના કટ્ટા ભરેલી માલગાડીને શનિવારે મોડી સાંજે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

ડીસા પંથકના ખેડૂતો મોટા ભાગે બટાટાનું વાવેતર કરે છે. જેથી



ભરત સુંદેશા

સિંચાઈ અને અનુકુળ વાતાવરણના કારણે બટાટાનું પણ પુષ્કળ પ્રમાણમાં ઉતપાદન મળી રહ્યું છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષથી ખેડૂતોને બટાટાનો પોષણક્ષમ ભાવ ન મળતાં ખેડૂતો અને વેપારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે.તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોની રજૂઆતને ધ્યાને લઈ બટાટાની રાજ્ય બહાર નિકાસ માટે પ્રતિ મેટ્રીક ટનના રૂા.૧૧૫૦ ની ટ્રાન્સપોર્ટ સબસીડી જાહેર કરવામાં આવી છે. જેથી ડીસા માર્કેટયાર્ડ અને કોલ્ડ સ્ટોરેજ વેપારી એસોસિએશન ડીસાના સંયુક્ત ઉપક્રમે ઈતિહાસમાં પ્રથમ વખત રેલવે મારફત ૪૨ હજાર કટ્ટા બટાટા ડીસાથી તામિલનાડુના મેટ્રોપોલીયમ સીટી ખાતે નિકાસ કરવા માટે શનિવાર મોડી સાંજે ડીસા માર્કટયાર્ડના ચેરમેન અને બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈના હસ્તે બટાટા ભરેલી માલગાડી ટ્રેનની લીલીઝંડી આપી રવાના કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલ્ડ સ્ટોરેજ એશોશીએશનના પ્રમુખ ગણપતલાલ કચ્છવા, ડીસા માર્કેટયાર્ડના ડીરેક્ટર બાબુલાલ માળી, અગ્રણી વેપારી શંકરલાલ માળી સહિત વેપારીઓ અને ખેડૂતો હાજર રહ્યા હતા. આ અંગે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે,

અનુસંધાન પાના નં.૬

### અમદાવાદથી હરિદ્વાર તરફ જતી બસ ઉંધી વળતા ૯ના મોત

જયપુર

રાજસ્થાનમાં ઉદયપુર નજીક એક બસ ઉંધી વળી જતાં છ મહિલા સહિત ૯ યાત્રીઓના મોત થયા છે અને અન્ય ૨૨ યાત્રીઓને ઈજા થઈ છે. ઘાયલ થયેલાઓ પૈકી કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. મળેલી માહિતી મુજબ આ બનાવ સવારે નવ વાગ્યાની આસપાસ બન્યો હતો. આ બસ અમદાવાદથી હરિદ્વાર તરફ જઈ રહી હતી. આ બનાવ અમદાવાદ-ઉદયપુર હાઈવે ઉપર બન્યો હતો. મૃત્યુ પામેલા લોકોની ઓળખ હજુ સુધી કરવામાં આવી નથી. મળેલી માહિતી મુજબ પાંચ યાત્રીઓના મોત ઘટના સ્થળે જ થઈ ગયા હતા જયારે અન્ય ચારને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તેમના મોત થયા હતા. ઈજાગ્રસ્તોને હાલ સારવાર આપવામાં આવી રહી છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું છે કે, મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે.

### ડીસા - પાલનપુર હાઈવે પર હીટ એન્ડ રનના બનાવમાં એકનું મોત

પાલનપુર

બનાસકાંઠામાં જીવલેણ અકસ્માતના બનાવોની પરંપરા જારી રહેવા પામી છે. તેમાંય બેફામ રીતે વાહન ચલાવતા વાહન ચાલકો ટ્રાફિકના નિયમોનો ભંગ કરીને કેટલાય નિર્દોષ રાહદારીનો ભોગ લેતા હોય છે



ભરત સુંદેશા

ત્યારે ગતરોજ ડીસા - પાલનપુર હાઈવે પર હીટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં એક

અનુસંધાન પાના નં.૬

### આખુ શહેર પાણીમાં તરબતર

## રાધનપુરમાં નવ કલાકમાં સાડા પાંચ ઈંચ વરસાદ

### દુકાનદારોના જીવ તાળવે ચોંટ્યા

પ્રતિ. રાધનપુર

રાધનપુરમાં મેઘરાજા મન મુકીને વરસ્યા છે. શુક્રવારે રાત્રે અગિયાર વાગે વાદળોના ગડગડાટ અને વિજળીના ભયાનક ચમકારા સાથે મેઘરાજાનું આગમન થયું હતું. જે સવારે સાડા ચાર વાગ્યા સુધી અનરાધાર વરસ્યા હતો ત્યારબાદ ધીમી ધારે વરસ્યો હતો અને સવારે આઠ વાગ્યા સુધીમાં ૧૩૨ મી.મી એટલે કે સાડા પાંચ ઈંચ કરતા વધુ વરસાદ પડ્યો હતો. અને આ લખાય છે ત્યાં સુધી રહી રહીને ઝાપટા સાથે ઝરમર ચાલુ હોવાથી સાડા પાંચ ઈંચ કરતા વધુ વરસાદ પડ્યો હતો.

સાડા પાંચ ઈંચ વરસાદ પડતા ગૌરવપથ ઉપર આવેલી પાંચસોથી વધુ દુકાનોના માલિકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. કારણ કે ગૌરવપથ



કમલ ચક્રવર્તી

ઉપર એક ફુટથી વધુ પાણી ભરાઈ જવા પામ્યા હતા અને દુકાનોમાં પાણી ઘુસવાની તૈયારીમાં જણાયું હતું. જો હજુ વધુ વરસાદ પડે અને પાણીનો નિકાલ ના થાય તો દુકાનદારો પાયમાલ થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ હતી અને દુકાનદારોએ નગરપાલિકા તંત્ર ઉપર બળાપો કાઢતાં જણાવ્યું હતું કે ૨૦૧૫ માં દુકાનોમાં પાણી ઘુસી જતાં કરોડો રૂપિયાનું નુકશાન થવા છતાં વરસાદી પાણીના નિકાલ માટે કાંઈ જ કાર્યવાહી કરાઈ નથી આ ઉપરાંત શહેરના મસાલી રોડ ઉપરની ૧૫ થી વધુ સોસાયટીઓમાં પણ પાણી ભરાયા હતા. શહેરના રવિધામ, ગ્રીન પાર્ક, ચામુંડા, શારદા સોસાયટી, પાણી પુરવઠા કોલોની સહિતના વિસ્તારોમાં પણ પાણી ભરાયા હતા.




સેલ... સેલ... ખુશ ખબર... સેલ... સેલ...

શ્રાવણ સુદ-૧ ને સોમવાર તા. ૨૪/૭/૨૦૧૭ થી શરૂ...



પલ્સ કલેક્શન

ફેન્સી સાડી શો-રૂમ

★ જેન્ટસ વેર ★ લેડીઝ વેર

★ ચિલ્ડ્રન વેર

★ કટલરી શો-રૂમ

ધમાકા ઓફર

- પવિત્ર શ્રાવણ માસને ધ્યાનમાં રાખીને અમે લાવ્યા છીએ આપના માટે તદ્દન નવી વેરાયટીઓ.
- ફેન્સી સાડીઓ, ફેન્સી ડ્રેસ તથા વેસ્ટન વેરાયટી મળશે.
- ચિલ્ડ્રનવેરની દરેક ફેન્સી આઈટમ મળશે.
- જીન્સ, શર્ટ, ટી-શર્ટ તથા દરેક પ્રકારની જેન્ટસવેરની આઈટમ મળશે.
- દરેક પ્રકારની ફેન્સી કટલરીની આઈટમ મળશે.

સેલ.. સેલ... સેલ... સેલ... સેલ

ડાહ્યાલાલ ચોથાજી માળી
૯૨૨૮૨ ૬૨૧૫૧, ૯૦૯૯૭ ૬૭૬૮૧, ૯૯૨૫૩ ૮૯૩૧૫
ચંદ્રલોક રોડ, પુનમ પ્લાયવુડની સામે, ડીસા

તો અમારા સેલની આજે જ મુલાકાત લો.

CMYK

સૂર્યોદય - ૬.૦૬ સૂર્યાસ્ત - ૭.૨૪

## તિથિદર્શન
અષાઢ વદ-૦)) રવિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ અષાઢ વદ : અમાવસ રવિવાર નક્ષત્ર : પુનર્વસુ સવારે ૯.૫૩ પછી પુષ્ય યોગ: વજ્ર કરણ: કિસ્તુધન આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ.હ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### ઉપચાર: કર્તવ્યો યાવદનુત્પન્નસૌહાદા: પુરૂષા: ઉત્પન્નસૌહૃદાના મુપચાર: કૈતવં ભવતિ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ' નો શ્લોક ઉપરછલ્લી ઔપચારિકતા અને હૃદયનો પ્રેમ - નિખાલસતાની વાત કરે છે:- 'માણસોમાં જ્યાં સુધી પરસ્પર સુહદભાવ પરસ્પર નિખાલસ મૈત્રી ઉત્પન્ન ન થઈ હોય ત્યાં સુધી બાહ્ય સભ્યના ઔપચારિકતા, શિષ્ટ હાવ- ભાવ સાથે માત્ર દાંભિક પ્રેમ દર્શાવવામાં આવે છે પરંતુ જ્યારે નિખાલસ- વિશુદ્ધ પ્રેમની ખાતરી થઈ જાય ત્યાર પછી ઔપચારિકતા શિષ્ટતા એ કેવળ કૃત્રિમતા, દંભ અથવા શઠતારૂપ જ બની રહે છે.' લગ્ન- સગપણ માટે યુવાન- યુવતી જ્યારે એકમેકને જોવા- પસંદ કરવા, ઘર જોવાની વિધિ થાય (પહેલાંના જમાનાની વાત છે.) આજે તો વડીલો પાસે માત્ર આખરી ઔપચારિકતા- એપ્રુવલ- સહી માટે જ દરખાસ્ત આવે છે.) પણ માતા- પિતાએ ગોઠવેલા સંબંધોની પ્રથમ મુલાકાતમાં એકમેકના પરિચયમાં દંભ- ખાલી મોટી ઔપચારિકતા હોય, ઉપરછલ્લું સ્મિત, નમ્ર બોલવું, ધીમી ચાલે ચાલવું વગેરે.

પણ લગ્ન પછી જ્યારે એકમેકના હૃદય જિતાઈ જાય, વિશ્વાસ- દૃઢ થઈ જાય, સંપૂર્ણ સ્વભાવ -ટેવોનો પરિચય થઈ જાય પછી દાંભિક ઔપચારિકતા રહેતી નથી, પછી સતત મર્યાદા પાળતો સમાજમાં પણ પત્ની એકાંતમાં તું- તાં પણ કરી 'ટપલું' પણ મારી લે છે. જ્યારે સુહૃદયા- મૈત્રી મક્કમ થઈ જાય પછી વિધિવિધાન- ઔપચારિકતાનો અંત આવી જાય છે.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.) આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.**

**મિથુન : (ક.છ.ઘ.) વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.**

**કર્ક : (ડ.હ.) નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.**

**સિંહ : (મ.ટ.) સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.**

**તુલા : (ર.ત.) કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.**

**વૃશ્ચિક :(ન.ય. ) અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.**

**ધન : (ભ.ફ.ધ.) માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.**

**મકર : (ખ.જ.) શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.**

**કુંભ : (ગ.શ.સ.) અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.**

**મીન : (દ.ચ.જ.થ.) કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

સાહિત્યિક પ્રતિભા અને કલાવિષયક રસદ્રષ્ટિ ધરાવતા ડા. જેમ્સ હેન્રી કઝિન્સની જન્મજયંતી છે. એમનો જન્મ બેલફાસ્ટમાં તા. ૨૨-૭-૧૮૭૩ ના રોજ થયો હતો. પણ ભારતને પોતાનું વતન માનીને એમણે ૪૦ વર્ષ અહીં જ ગાળ્યા. જન્મે આઈરિશ છતાં તેની બેસન્ટના બોલાવ્યા તે હિંદ આવ્યા. આવા મહામાનવનું તા. ૨૦-૨-૧૯૫૬ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયને સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# થરાદ શહેરમાં દશામા વ્રત પૂર્વે બજારોમાં ખરીદદારી માટે ભારે ભીડ

પ્રતિનિધિ થરાદ

રવિવારથી દશામાતા વ્રત ઉત્સવનો આરંભ થતો હોઈ છેલ્લા બે દિવસથી થરાદ શહેર તેમજ જિલ્લાના તમામ મથકોએ દશામાતાની મૂર્તિઓ, સાંઢડીઓ તેમજ પૂજાપો મેળવવા માટે બજારોમાં બહેનોની ભીડ જામી હતી.ગામેગામ, શહેરે- શહેરે, મહોલ્લે-મહોલ્લે ભિક્ત ભાવપૂર્વક પૂજા- અર્ચના સાથે વ્રત આરંભાશે.આ દશ દિવસીય વ્રતની શ્રાવણ સુદ દશમના રોજ પૂર્ણોહુતિ થશે.શુક્ર તથા શનિવારે સવારથી સાંજ સુધી ખાસ કરીને મુખ્ય બજારમાં ગોઠવાતી દુકાનો પૂજા પાકીટ અને મૂર્તિઓથી શોભી હતી.શહેર તથા ગ્રામિણ વિસ્તારની મહિલાઓની ભારે ભીડના કારણે વરસાદથી રસતરબોળ હોવા છતાં પણ જાણે કે નગરના રાજમાર્ગો રસ્તાઓ સાંકડા બની ગયા હતા


વિષ્ણુ દવે

વેપારીઓના જણાવ્યા મુજબ રૂ.૫૦થી ૨૦૦૦ સુધીની દશામાંની મૂર્તિઓ બજારમાં ઉપલબ્ધ છે. પૂજાપામાં પણ અગરબત્તી, ધૂપ, ચુંદડી, બાજઠ, ઘી સહિતની તમામ સામગ્રી મળી રહે છે. શહેરમાં પ્લાસ્ટર ઓફ પેરીસની સાથે ચીકણી માટીની વિવિધ આકારવાળી દશામાની મૂતિઓનું રૂ.૧૦૦થી ૪૦૦ સુધીમાં વેચાણ થઈ રહ્યું છે. જેમાં સાંઢણી, શંખ, શિવલીંગ, કમળ, ભેંસ ઉપર દશામૈયા બિરાજમાન હોય તેવી મૂર્તિઓની માંગ વધારે જોવા મળી છે.થરાદ નગરના એકમાત્ર દશામાના મંદીરમાં પણ રવિવારથી માતાજીની વિશાળ માટીની સાંઢણીની સ્થાપના કરવામાં આવશે તેમજ વ્રતકથા સંભળાવવામાં આવશે તેમ પુજારી એ જણાવ્યું હતું.

# યુવા ભાજપ કાર્યકરના જન્મદિવસે ૧૨૧ વૃક્ષોનું વાવેતર

### વડગામ - લિંબોઈની શાળામાં બર્થ ડે ઉજવાયો

તા.પ્રતિ વડગામ

વડગામ સરપંચ ભગવાનસિંહ સોલંકીની અધ્યક્ષતામાં અને તા.યુવા ભાજપ પ્રમુખ કામરાજભાઈ એચ.ભૂતડીયાની વિશેષ ઉપસ્થિતિમાં તથા જિલ્લા ભાજપ યુવા ઉપપ્રમુખ એડવોકેટ ડી.વી.સોલંકી, યુવા સામાજીક કાર્યકર ધવલકુમાર પ્રવિણભાઈ બારોટના મુખ્ય મહેમાન પદે જિ.યુવા ભાજપ સદસ્ય દિગ્વિજયસિંહ ડી.સોલંકીના જન્મ દિવસ પ્રસંગે ૧૨૧ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ધોરી સરપંચ શ્રવણસિંહ ડાભીએ વૃક્ષનારાયણની પૂજા - અર્ચના કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત વડગામ તા. યુવા ભાજપની ટીમે વૃક્ષારોપણ કરી યુવા સદસ્યને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. સરપંચ ભગવાનસિંહ, યુવા ઉપપ્રમુખ ડી.વી. સોલંકીએ ગ્લોબલ વોર્મીંગના ખતરા સામે વધુમાં વધુ વૃક્ષો ઉગડવા અનુરોધ કર્યો હતો. વડગામ - લિંબોઈ શાળાના શિક્ષકો, આચાર્યોએ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# આવતીકાલે સોમવારથી પવિત્ર શ્રાવણ મહિનાનો પ્રારંભ

### ૨૦ વર્ષ બાદ શ્રાવણ મહિનામાં પાંચ સોમવારનો યોગ

ડીસા

ભોળા શંકર ભગવાનને રિઝવવા તથા ભજવા માટે પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ તા. ૨૪ મી જુલાઈ સોમવારથી થઈ રહ્યો છે. ત્યારે બનાસકાંઠામાં પવિત્ર શ્રાવણ માસમાં પ્રાચીન, અર્વાચીન શિવાલયો ઓમ નમઃ શિવાયના નાદથી વાતાવરણ ગુંજી ઉઠશે.

૨૪ મી જુલાઈને સોમવારથી શ્રાવણ માસની શરૂઆત થઈ રહી છે. જોગાનુજોગ પૂર્ણાહુતિ પણ ૨૧ મી ઓગસ્ટને સોમવારે સોમવતી અમાસે થનાર છે. આમ શ્રાવણી પુનમ એટલે રક્ષાબંધનનો દિવસ પણ સોમવાર છે. એટલે શિવ અને કૃષ્ણની એક જ દિવસે


વિનોદ બાંડીવાલા

ભક્તજનો દ્વારા ધામધુમથી આરાધના પૂજા કરવામાં આવશે.

સોમવતી અમાસ પણ સોમવાર હોવાથી શ્રાવણી અમાસની પણ પૂજા આરાધના સાથે ઉજવણી કરી શ્રાવણ માસની પૂર્ણાહુતિ કરવામાં આવશે. આ દિવસે શિવાલયોમાં વિશિષ્ટ પૂજા લઘરુદ્ર મહારુદ્ર તેમજ મહામૃત્યુજયના જાપનું આયોજન બ્રાહ્મણો દ્વારા કરવામાં આવે છે.

# બનાસકાંઠાના નાયબ ડીડીઓને પ્રમોશન મળતાં માર્કેટયાર્ડ ખાતે સન્માન સમારોહ યોજાયો

### રબારી સમાજના આગેવાનો, સરપંચો, તેમજ તલાટી મંડળ દ્વારા સન્માન કરાયું

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા અને તાજેતરમાં જ રાજ્ય સરકાર દ્વારા ઈડર ખાતે નાયબ કલેક્ટર તરીકે નિયુક્ત થયેલ. એ.જે. દેસાઈનો વિદાય સન્માન સમારોહ શનિવારે ડીસા માર્કેટયાર્ડ ખાતે ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

ચાણસ્મા તાલુકાના મીઠી ધારીયાલ ગામના અને બનાસકાંઠા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતાં અજીતભાઈ જે. દેસાઈને રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ (એસ.ડી.એમ) નાયબ કલેક્ટર તરીકે ઈડર ખાતે બદલી સાથે બઢતી મળતાં તેમનો વિદાય સન્માન સમારોહ બનાસકાંઠા જિલ્લા રબારી સમાજ, માલધારી સમાજના સરપંચ- તલાટીઓ દ્વારા શનિવારે ડીસા માર્કેટયાર્ડ ખાતે બનાસડેરીના વાઈસ ચેરમેન અને ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને અને ગુજરાત ગોપાલક વિકાસ નિગમના પૂર્વ ચેરમેન ડૉ.સંજયભાઈ દેસાઈ, બનાસબેંકના વાઈસ ચેરમેન જીગરભાઈ દેસાઈ, જિલ્લા ખરીદ વેચાણ સંઘના વાઈસ ચેરમેન ખેતાભાઈ કોલા, ડીસા તાલુકા સંઘના ચેરમેન ડી.કે.દેસાઈ, જિલ્લા


ભરત સુંદેશા

ભાજપના ઉપપ્રમુખ નાગજીભાઈ દેસાઈ, અમીરગઢ માર્કેટયાર્ડના ચેરમેન મોતીભાઈ દેસાઈ, જિલ્લા ભાજપના પૂર્વ મંત્રી અમરતભાઈ દેસાઈ, ગોપાલસેનાના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ, બનાસ બેંકના ડિરેક્ટર બાબુભાઈ પાનકુટા, જિલ્લા પંચાયત સદસ્ય ઓખાભાઈ દેસાઈ તેમજ તલાટી મંડળના રામભાઈ દેસાઈ (વાવ), વિજયભાઈ દેસાઈ(થરા) સહિત રબારી સમાજનાં આગેવાનો અને વડીલોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સન્માન સમારોહના અંતે વ્યવસ્થા અને ભોજન વ્યવસ્થા પુરી પાડવા બદલ રબારી સમાજ દ્વારા માવજીભાઈ દેસાઈનો આભાર માનવામાં આવ્યો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે રબારી સમાજ તલાટી મંડળના રામભાઈ દેસાઈ(વાવ), વિજયભાઈ દેસાઈ(થરા), દિનેશભાઈ દેસાઈ(દાંતા), ડી.કે. દેસાઈ(ઘોડાસર), ગણેશભાઈ દેસાઈ(ડીસા) સહિતના સરપંચ- તલાટીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# વિશ્વના તમામ જીવોની જરૂરિયાત પૂર્તિ થઈ શકે, ઈચ્છા પૂર્તિ એકની પણ ન થાય : રાજરક્ષિત વિજયજી મ.સા.

ડીસા

શ્રીવાસુપૂજ્ય જિનાલય મહાવીરનગર સોસાયટી જૈન સંઘમાં જૈનાચાર્યશ્રી હંસકીર્તિસૂરિજીની પાવન નિશ્રામાં પંન્યાસ રાજરક્ષિતવિજયજીએ જણાવ્યું કે આજનો માનવી સમસ્યા લઈને જન્મે છે. સમસ્યા ઉકેલવામાં જીવન પસાર કરે છે અને સમસ્યા સાથે મરણ પામે છે. દરેક માનવી ભૌતિક સમસ્યાનો શિકાર બનેલ છે. અર્થશાસ્ત્રમાં જણાવ્યું છે કે આપણી ઈચ્છાઓ અમર્યાદિત છે અને તેને સંતોષવાના સાધનો મર્યાદિત છે. ઈચ્છાને પેદા કરવી સરળ છે પરંતુ પૂરી કરવી અશક્ય છે. જરૂરિયાત પૂર્તિ થવી શક્ય છે પરંતુ ઈચ્છાપૂર્તિ થવી અશક્ય છે. પ્રાપ્તિ પછી તૃપ્તિ નજીક આવતી રહે એનું નામ જરૂરિયાત અને પ્રાપ્તિ પછી અતૃપ્તી ઉભી રહે એનું નામ છે ઈચ્છા. પૃથ્વી ઉપરના તમામ જીવોની જરૂરિયાત પૂર્તિ થઈ શકે પરંતુ એક વ્યક્તિની ઈચ્છાપૂર્તિ થવી અશક્ય છે. અલ્પ આહાર જો તનને સ્વસ્થ રાખે છે તો અલ્પ ઈચ્છાઓ મનને સ્વસ્થ રાખે છે. જરૂરિયાત થોડું માગે છે શોખ ઘણું માંગે છે. પરંતુ ઈચ્છા તો બધુ જ માંગે છે. તૃષા માત્ર થોડી જ ક્ષણો માટે પીડા આપે છે. જ્યારે તૃષ્ણા(ઈચ્છા) તો જિંદગી સુધી પીડા આપે છે.

જૈનમુનિએ કહ્યું કે સાચા સુખી થવું હોય તો ઈચ્છાઓને કંટ્રોલ કરો. ઈચ્છારૂપી નાગણ જેને ડંસે છે તે મહાદુઃખી થઈને રહે છે. પ્રભુને પ્રાર્થના કરો મને એક પણ ઈચ્છા ન થાય.

# ડીસા શહેર યુવા ભાજપના કારોબારી સદસ્યોની નિમણુંક

ડીસા

ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જિલ્લા પ્રમુખ કેશાજી ચૌહાણ જિલ્લા મહામંત્રી અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરિયા, ઉમેદદાન ગઢવી તેમજ જિલ્લા યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ ચૌધરી, મહામંત્રી પ્રકાશભાઈ ઠાકોર, રામસિંહ રાજપૂત તેમજ ડીસા શહેરના પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રી ચેતનભાઈ ત્રિવેદી, અશોકભાઈ પટેલ તેમજ ડીસા શહેરના યુવા મોરચાના પ્રમુખ રમેશભાઈ રાઠોડ, મહામંત્રી હિતેશભાઈ મોઢએ પરામર્શ કરી ડીસા શહેર યુવા મોરચાના કારોબારી સદસ્યોની નિમણૂંક કરેલ છે. જેમાં કમલેશ સોની, પ્રવીણ નટવરજી ઠાકોર, દિનેશ પ્રજાપતિ, પ્રવીણભાઈ મોદી, જીગ્નેશ નાઈ, રોહિત ચૌહાણ, રાહુલ માલવી, નરભેરામ ગજ્જર, કલ્પેશભારથી ગૌસ્વામી, હરેશ તેજવાની, ભાવેશ રાજપૂત, મરૂભાઈ નટ, ભેમાભાઈ માળી, દિવ્યેશ જોશી, દિપક નટુભાઈ ઠક્કર, રાજેશભાઈ મણીલાલ લોધા, દિનેશ અમરાજી જોશી, પરેશ નાગજીભાઈ સોની, ઉજાશ દવે, વિપુલ શાહ, ધર્મેન્દ્ર લક્ષ્મણભાઈ ઠક્કરની નિમણુંક કરી છે.

# વડગામના પાંચડા ગામે પોરાનાશક કામગીરી શરૂ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

ચોમાસાની ઋતુમાં વડગામ તાલુકાને મેલરીયા મુક્ત રાખવા તા. આરોગ્ય અધિકારી ડૉ.વી.એ. ગઢવીએ પોરાનાશક કામગીરી કરવા ઝુંબેશ હાથ ધરતાં પાંચડા પ્રા.આરોગ્ય કેન્દ્રના ૧૯ ગામોમાં દવાનો છંટકાવ, તળાવ- ખાબોચીયાઓમાં ઓઈલનો છંટકાવ, સ્વચ્છતા વગેરે પ્રવૃત્તિઓને વેગવંતી કરવામાં આવી છે. મેડીકલ ઓ.ડૉ.બી. એમ. પ્રજાપતિએ પોરા નાશકની સો ટકા કામગીરી પૂર્ણ કરેલ છે.

# વડગામ ખાતે મતદાર જાગૃતિ રેલી યોજાઈ

તા.પ્રતિનિધિ વડગામ

સ્કુલ, કોલેજો, વગેરેમાં મતદાર જાગૃતિ અભિયાન દ્વારા જાગૃતિ લાવવા અને ૧૮ થી ૨૮ વયના મતદારોને ટાર્ગેટ કરી જેમના નામ રહી ગયા હોય તેઓને મતદાર યાદીમાં નામ નોંધવાની ઝુંબેશ અંતર્ગત ગઈકાલ શુક્રવારે વડગામ ટાઉનમાં પ્રા.શાળાના વિદ્યાર્થી ભાઈ- બહેનો દ્વારા ''મતદાર જાગૃતિ રેલી'' યોજવામાં આવી હતી, તા. પ્રાથમિક શિક્ષણાધિકારી જી.એન. દેશમુખ, ના. મામલતદાર હનીફભાઈ હિંગોરજા, આચાર્ય, શિક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# થેરવાડાની નાલંદા વિદ્યાલયમાં સાયકલોનું વિતરણ

ડીસા

ગત તા. ૧૯/૦૭/૧૭ ને બુધવારે નાલંદા વિદ્યાલય થેરવાડામાં ધોરણ-૯ માં શૈ.વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન અભ્યાસ કરતી સા.શૈ.પ.વર્ગની કન્યાઓને રાજ્ય સરકારની સરસ્વતી સાધના યોજના અંતર્ગત સરકાર દ્વારા આપવામાં આવતી સાયકલોનું વિદ્યાર્થીનીઓ તથા તેમના વાલીઓની હાજરીમાં શાળા પરિવાર દ્વાર વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય અને ગુ.મા અને ઉ.મા.શિક્ષણ બોર્ડના સભ્ય ભરતભાઈ ચૌધરીએ જણાવ્યું હતં કે કન્યા કેળવણીને ઉત્તેજન આપવા સરકાર દ્વારા જુદી જુદી યોજના હેઠળ વિવિધ લાભો આપવામાં આવે છે જે ખુબ જ સરાહનીય બાબત છે. જે અંતર્ગત આજે સાયકલોનું વિતરણ કરવામાં આવ્યું હતુ. વિદ્યાર્થીનીઓ અને તેમના વાલીઓના ચહેરા પર ખુશી છલકાતી જોવા મળી હતી. સાથે સાથે ''બેટી બચાઓ બેટી પઢાઓ'' ની મીઠી ટકોર પણ કરવામાં આવી હતી.

### રાબડીયા નક્ષત્રનો પ્રારંભ થતાં...

# વધુમાં વધુ વૃક્ષો વાવી પર્યાવરણ જાળવણીમાં સહભાગી થઈએ


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

રાજ્ય સરકાર દ્વારા ૬૮ માં વન મહોત્સવની સમગ્ર રાજ્યભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે સરકારી તંત્ર સહિત સેવાકીય સંસ્થાઓ પણ ચોમાસુ ઋતુનો પ્રારંભ થતાં વધુમાં વધુ વૃક્ષોનું રોપણ થાય તેવા પ્રયાસો કરી રહી છે.

પર્યાવરણની જાળવણી કરવી હશે તો વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર એજ એકમાત્ર ઉપાય છે. ચાલુ વર્ષે ઉનાળામાં રેકોર્ડ બ્રેક ગરમી પડી હતી. કાળઝાળ ગરમીથી બપોરના સમયે તો વીજળીથી ચાલતા સાધનો પણ કામ કરતા ન હતા ત્યારે આ બાબતે કેટલાક બુઝર્ગોના જણાવ્યા પ્રમાણે વર્ષો પહેલા આટલી બધી ગરમી પડતી ન હતી. ત્યારે હવે ઉનાળામાં આટલી બધી ગરમી પડવાનું કારણ શું? તો તેનું કારણ એકમાત્ર વૃક્ષ છેદન છે. જેમ જેમ વૃક્ષો ઘટશે તેમ તેમ તાપમાન વધતુ રહેવાનું છે. વર્તમાન સમયમાં વૃક્ષોનું ખુલ્લેઆમ છેદન કરીને ખેતરોમાં ગામેગામ આધુનિક મકાનો બનાવીને લોકોએ નવા ગામ વસાવ્યા છે. જેથી વૃક્ષોનો ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ ભારે પ્રદુષણના કારણે 'ગ્લોબલ વોર્મિંગ'ની સમસ્યા સર્જાઈ છે. એટલે હવે વૃક્ષો નહીં રોપાય તો આવનાર સમયમાં ગરમીની સાથે પ્રદુષણનું પણ પ્રમાણ વધતુ જશે તે પર્યાવરણ માટે 'ખતરે કે ઘંટી' સમાન સાબિત થશે ત્યારે ચોમાસુ ઋતુનો પ્રારંભ થઈ ચુક્યો છે અને તેમાંય શ્રેષ્ઠ નક્ષત્ર રાબડીયાની શરૂઆત થઈ ગઈ છે. જેથી આ વર્ષે વધુમાં વધુ વૃક્ષોનો ઉછેર કરવાનો સંકલ્પ લઈએ. એવું કહેવાય છે કે રાબડીયા નક્ષત્રમાં કોઈ વૃક્ષની માત્ર ડાળી લઈને પણ જમીનની અંદર રોપવામાં આવે તો તે ડાળી પણ સજીવન થઈ નવા પર્ણો ફુટે છે.

પ્રજાજનોમાં આટલી બધી જાગૃતિ હોવા છતાં પણ વૃક્ષોની દિનપ્રતિદિન સંખ્યા ઘટતી જાય છે. ગામડાઓમાં પહેલા ઘટાદાર વૃક્ષો જોવા મળતા જેની નીચે ગામલોકો સહિત ગામનું પશુધન આરામથી વિશ્રામ કરતુ પણ આજે આવા વૃક્ષો રહ્યા નથી. વર્ષોથી અડીખમ ઉભા વૃક્ષો પર પણ આડેધડ કુહાડા ફેરવવામાં આવી રહ્યા છે. જો પર્યાવરણને બચાવવુ હશે તો વૃક્ષનો ઉછેર કરી જતન કરવા સિવાય કોઈ માર્ગ નથી. જેથી ચોમાસુ ઋતુના રાબડીયા નક્ષત્રના શ્રેષ્ઠ સમયમાં વધુમાં વધુ વૃક્ષોનો ઉછેર કરવાનો સંકલ્પ કરીએ.



ડીસામાં પડેલ ભારે વરસાદના કારણે ચંદ્રલોક પાસે બનાવેલ નવિન ગટર દબાઈ જતા નગરપાલિકાની સફાઈનું ટ્રેક્ટર ગટરમાં ખાબક્યું હતું. જેને જેસીબી મશીન દ્વારા બહાર કાઢવામાં આવ્યું હતું.

# વડગામ તાલુકા ભાજપ લઘુમતી મોરચાના હોદેદારોની વરણી

તા.પ્રતિ વડગામ

વડગામ તા.ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ જે.રાણા તથા બંન્ને મહામંત્રીઓ, ઉપપ્રમુખો અને જિલ્લા ભાજપના પદાધિકારીઓ દ્વારા તા.ભાજપ લઘુમતી મોરચાના નવ હોદેદારોની નિમણૂંક કરી હોવાનું જાણવા મળ્યું છે. જેમાં પ્રમુખ ઈમતીયાજખાન પી.પઠાણ વેસા, મહામંત્રી ઈકબાલભાઈ એ ડેર (બસુ), ઉપપ્રમુખ અબ્બાસભાઈ આર. આગલોડીયા મુમનવાસ, ઉપપ્રમુખ મુસ્તાકભાઈ ડી.બાદરપ- ુરા (બસુ), મંત્રી સોરમખાન એસ.બિહારી (શેરપુરા સે.) મંત્રી અ.મમદ યુ.માઢીયા (રજોસણા), મંત્રી યાસીનભાઈ આઈ.ચૌધરી (મુજાહીદપુરા (ક)), મંત્રી રફીકભાઈ એ.સીપાઈ (નાવિસણા) કોષાધ્યક્ષ અનવરભાઈ પી.ફકીર (વડગામ) વગેરેની નિમણુંક કરવામાં આવેલ છે.

# ડીસા શહેર યુવા ભાજપના વિવિધ આયામ સંયોજકોની નિમણુંક

ડીસા

ભારતીય જનતા પાર્ટી બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ જિલ્લા મહામંત્રી અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરીયા, ઉમેદદાન ગઢવી તેમજ જિલ્લા યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ ચૌધરી, મહામંત્રી પ્રકાશભાઈ ઠાકોર, રામસિંહ રાજપુત તેમજ ડીસા શહેરના પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, મહામંત્રી ચેતનભાઈ ત્રિવેદી, અશોકભાઈ પટેલ તેમજ ડીસા શહેરના યુવા મોરચાના પ્રમુખ રમેશભાઈ રાઠોડ, મહામંત્રી હિતેશભાઈ મોઢએ પરામર્શ કરી ડીસા શહેર યુવા મોરચા અંતર્ગત વિવિધ આયામ સંયોજકોની નિમણૂંક કરેલ છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર યોજના સેતુ ચેતન પુરોહિત અને રમેશ મગાંજી ઠાકોર, આઈટી સેલ / સોશીયલ મિડીયા નીરવ ઝવેરી, અનિરૂધ્ધ જાડેજા, યુવા બૂથ સૈનિક રાકેશ ઠક્કર, મોટુભાઈ સુરેશભાઈ પઢિયાર, મિડીયા રોહિત ઠાકોર, ભાવેશ વેષ્ણવ, પ્રશીક્ષણ પ્રકાશ દરજી, જયેશ સોની, રમત - ગમત રાજુભાઈ ધુડાભાઈ રાવલ, દેવેન્દ્રભાઈ નાઈ, રચનાત્મક રવિ ઠક્કર, દિલિપભાઈ ચમનાજી પુરોહિત, યુવા આંત્રપ્રિન્યોર ઉદય લોધા, હિતેશભાઈ ગેલોત, રોજગાર રાજેશ સોની, સંજય વશરામભાઈ પંચાલ, સ્વચ્છતા અભિયાન / બેટી બચાવો - બેટી પઢાવો વિનોદ રાયચંદજી જોષી, સુરેશ નારણભાઈ પુરોહિતની નિમણુંક કરવામાં આવી છે.

# ભાભર તાલુકા કક્ષાના કલા મહોત્સવ - ૨૦૧૭ માં રાધે ઇન્ટરનેશનલ સ્કૂલના બાળકોનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

પ્રતિનિધિ ભાભર

ભાભર ખાતે યોજાયેલ તાલુકા કક્ષાના કલા મહોત્સવ - ૨૦૧૭માં રાધે ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકોએ ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળા તેમજ પરિવારનું ગૌરવ વધાર્યું હતું.કલા મહોત્સવમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં જેવી કે સમૂહગાન સ્પર્ધામાં માળી પૂજાબેનએ પ્રથમ નંબર મેળવ્યો હતો.જ્યારે વાદન વિભાગ રબારી ગલાલભાઈ અને પ્રાથમિક વિભાગમાં ગીત સ્પર્ધામાં ગઢેચા શાંતિબેનએ પ્રથમ નંબર મેળવ્યો હતો.સુગમ સંગીતમાં દેસાઈ દિવ્યાબેન એન. અને તબલાવાદનમાં દેસાઈ દલાભાઈ એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી બીજો નંબર મેળવ્યો હતો.

આ કલા મહોત્સવ કાર્યક્રમનું માર્ગદર્શન ઠાકોર દયારામભાઈ એ પૂરું પાડ્યું હતું.શાળાના વિજેતા બાળકોને શાળાના ટ્રસ્ટીશ્રી તેમજ આચાર્યશ્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી.તેમ રાધે સ્કુલના શિક્ષક હરેશભાઈ સુથારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# રતનપુર મોડલ સ્કુલમાં વૃક્ષારોપણ


વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

ગતરોજ સવારે ગુજરાત રાજ્યના મંત્રી કેશાજી ચૌહાણની ઉપસ્થિતિમાં સદ્ભાવના મિશન ગૃપ કાંકરેજ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ રતનપુરા મોડલ સ્કુલમાં રાખવામાં આવ્યો હતો. તેમાં ગૃપ દ્વારા વૃક્ષો લાવી મંત્રીના હસ્તે રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ભારતસિંહ ભટેસરીયા મ.મંત્રી બ.કાં. જિ.ભાજપ કિર્તિસીંહ વાઘેલા, મ.મંત્રી પ્રદેશ કિ.મો. ભાજપ ડાયાભાઈ પિલિયાતર- સમુજી ડાભી સરપંચ શિહોરી કિશોર પ્રજાપતિ, મ.મં.તા.ભાજપ અને સદભાવના મિશન ગૃપના તમામ સભ્યો ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું.

# વડગામ ખાતે સુવર્ણપ્રાશન સંસ્કાર કેમ્પ યોજાશે

તા.પ્રતિ વડગામ

સરકારી આયુર્વેદ હોસ્પિટલ વરવાડીયા રોડ, વડગામ ખાતે તા.૨૪/૨૦૧૭ ને સોમવારના દિવસે પુષ્પનક્ષત્ર હોવાથી સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ ના સમયમાં અત્રેની હોસ્પિટલ ખાતેથી ૧૪ વર્ષ સુધીના બાળકોને વિના મૂલ્યે સુવર્ણપ્રાશનના ટીપાં પીવડાવવામાં આવશે. તથા દર માસે પુષ્ય નક્ષત્રના દિવસે પણ આપવામાં આવશે. તો તમામ જાહેર જનતાને લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી વધારવા માટે આયુર્વેદના ''કાશ્યપ સંહિતા'' ગ્રંથમાં બતાવેલ ૧૬ સંસ્કારો પૈકીનો એક સંસ્કાર એટલે સુવર્ણ પ્રાશન સંસ્કાર જેમાં સુવર્ણ પ્રાશનમાં સુવર્ણના ઘસારાની સાથે બ્રાહમી, શંખપુષ્પી, વચા, મધ, ગાયનુંઘી, જેઠીમધ, સાકર વગેરે ઔષધિના મિશ્રણથી બનાવેલ છે જે બાળકોને પુષ્પનક્ષત્રમાં આપવામાં આવે છે.

# સામઢીના જાહેર માર્ગો ઉપર પાણી ભરાયા



પ્રતિ. સામઢી

પાલનપુર તાલુકાના સામઢી સહિત પંથકના ગામોમાં મુશળધાર વરસાદ ખાબક્યો હતો. જેથી ચોમેર પાણી - પાણી થઈ ગયું હતું જાહેર માર્ગો સહિત ખેતરો પણ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સતત વરસાદથી લોકોને બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું હતું. ભારે વરસાદથી વ્હોળા વહેવા લાગ્યા હતા. તેથી ગામ તળાવમાં પાણી ભરાયું હતું. ભારે વરસાદથી ઠંડક પ્રસરી ઉઠતા આમ પ્રજાએ રાહત અનુભવી હતી. જો કે બપોરે વરસાદે વિરામ લેતા જનજીવન રાબેતા મુજબ થવા પામ્યું હતું.

# થરાદની તાલુકા પંચાયતની છતમાંથી ટપકતા પાણીથી હાલાકી: કર્મચારીઓ પર ઝળુંબતું મોત

## કર્મચારીઓના ટેબલ અને રેકર્ડ પલળવાની દહેશતઃ બાલદીઓ ગોઠવાઈ



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદની તાલુકા પંચાયત કચેરના જર્જરિત મકાનને કારણે સામાન્ય વરસાદમાં પણ તેની છતમાંથી પાણી ટપકી રહ્યું છે.આથી કર્મચારીઓ અને પ્રજાજનોને હાલાકીઓ ભોગવવી પડી રહી છે. ટપકતા પાણી માટે બાલદીઓ પણ મુકવામાં આવી છે.રેકર્ડ પણ પલળવાની દહેશત સર્જાઇ છે.જર્જરીત છતના કારણે કર્મચારીઓ પર મોતનું જોખમથી ફફડાટ સાથે કામ કરી રહ્યા છે.

થરાદ તાલુકા પંચાયત કચેરીનું મકાન ૫૦ કરતાં પણ વધારે વર્ષ પુરાણુંછે.આથી તે ખુબ જ જર્જરીત થઈ જવા પામ્યું છે.જેમાં અત્યારે જર્જરીત છતના કારણે શહેરમાં પડતા સામાન્ય વરસાદમાં પણ પાણી ટપકે છે, આથી બાલદીઓ ગોઠવવી પડે છે.અને કર્મચારી,અધિકારી તથા પ્રજાજનોને ભારે હાલાકીઓ ભોગવવી પડી રહી છે.પોણાબે વર્ષ પહેલાં સદનસીબે રવિવારની રાતે તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અને કારોબારી ચેરમેનના રૂમની છત તુટી પડી હતી આથી દુર્ઘટના ટળી હતી.પણ જો દિવસે સર્જાઇ હોત તેની કલ્પના માત્રથી કચેરીમાં કામ કરતા કર્મચારીઓ અને અરજદારોના રૂંવાડા અત્યારે પણ કંપતાં જોવા મળી રહ્યાં છે. તેમ છતાં પણ મકાનને રિનોવેશન કરી ચલાવવામાં આવેછે.

અનુસંધાન પાના નં.૬

# ડીસા તાલુકાના ખેતરો બેટમાં ફેરવાયા : ચોમેર પાણી

## ખરીફ પાકોને નુકશાનની ભીતી



નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

ડીસા તાલુકામાં ધોધમાર પડેલા વરસાદના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જતાં બેટમાં ફરેવાઈ ગયા હતા. ખેતરો તરફ નજર કરતા ઠેરઠેર પાણી જ પાણી જોવા મળતું હતું ત્યારે વરસાદના કારણે અનેક ખેતરોના પાળા અને શેઢા પણ તોડી નાખ્યા હતા તો વળી ગ્રામ્ય પ્રદેશોમાં રસ્તાઓનું પણ ધોવાણ થઈ ગયું હતું. ખેતરોમાં પાણી ભરાતા ખરીફના ઉભા પાકને નુકશાની થવાની સંભાવના જોવા મળી રહી છે. ધોધમાર વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોના તળાવોમાં નવા નીર આવ્યા હતા. તો કેટલાક તળાવો પણ ઓવરફલો થઈ ગયા હતા. સતત વરસાદ વરસતા પાણી વહેતું થઈ જતાં વ્હોળાઓ ચાલુ થઈ ગયા હતા. જિલ્લામાં વર્ષ ૨૦૧૫ માં વરસાદે સર્જેલી તારાજીના પગલે પ્રજાજનો સાવચેતી વર્તી રહ્યા છે ભારે વરસાદમાં લોકો સુરક્ષિત જગ્યાએ સ્થાન લઈ લેતા વરસાદના પગલે કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી બે કલાકમાં ધોધમાર વરસાદના પગલે જનજીવન પણ અસ્તવ્યસ્ત થઈ ગયું હતું પણ ત્યારબાદ વરસાદે વિરામ લેતા પ્રજાજનોએ રાહત અનુભવી હતી.

# છાપી હાઈવે ઉપર દબાણો દુર થતાં જાહેર શૌચાલય બનાવવા માંગ

## લોકોની ભારે અવરજવરવાળા હાઈવે ઉપર એક પણ શૌચાલય નથી

પ્રતિનિધિ છાપી

વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર તેમજ એપ્રોચ રોડની સાઈડો ઉપર સરકારી જમીનો ઉપર મોટા પાયે દબાણો કરવામાં આવતાં ટ્રાફિક તેમજ વરસાદી પાણીના નિકાલની ભારે સમસ્યા ઉભી થતાં પ્રાંત અધિકારી સહિત સ્થાનિક તંત્રએ છેલ્લા પાંચ દિવસથી તમામ દબાણોનો સફાયો કરતા આ સમસ્યા હાલ પુરતી હલ થઈ છે.

છાપી હાઈવે ઉપર દબાણો દૂર કરતાં સરકારી જમીનો ખુલ્લી થતાં હાઈવે ઉપર વર્ષોથી જાહેર શૌચાલયનો અભાવ હોવાના કારણે પચ્ચીસ જેટલા ગામોના લોકોની અવરજવરથી ભરચક રહેતા હાઈવે ઉપર લોકોને ખુલ્લામાં શૌચક્રિયા માટે જવાની ફરજ પડતાં હાઈવે ઉપર મોટા પ્રમાણમાં ગંદકી જોવા મળે છે. કેન્દ્ર સરકાર દ્વારા તેમજ નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શૌચાલયો બનાવવા મોટા પાયે ગ્રાન્ટો આપવામાં આવે છે. જેથી છાપી હાઈવે ઉપર યોગ્ય જગ્યાએ જાહેર શૌચાલય બનાવવા પંથકના લોકોએ તંત્ર પાસે ઉગ્ર માંગ કરી હોવાનું જાણવા મળે છે. છાપી હાઈવે ઉપર દબાણો હટતા જમીનો ખુલ્લી થતાં તંત્ર દ્વારા શૌચાલય બનાવવા યોગ્ય નિર્ણય લઈ લોકોની આ ગંભીર સમસ્યા હલ કરી સ્વચ્છ ભારતના અભિયાનને તંત્ર વેગ આપે તેવી રજુઆત સાથે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

બોક્ષઃ છાપી હાઈવે ઉપર જાહેર શૌચાલય બનાવવા અંગે છાપીના યુવાન સરપંચ ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે આર.એન.બી સાથે ચર્ચા કરી હાઈવે ઉપર શૌચાલયની જગ્યા માટે સર્વે હાથ ધરી લોકોની સમસ્યા દુર કરવા લોક ભાગીદારીથી અદ્યતન શૌચાલય બનાવવા અમો ટૂંક સમયમાં નિર્ણય લઈ સમસ્યા દુર કરીશું.

# ધાનેરા હાઇવેનો ફુટપાથ દબાણમાં ગરકાવ રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા

## રોજના ૩૦૦૦ થી વધારે વિધાર્થીઓ પસાર થાય છે આ માર્ગ પરથી



પ્રતિનિધિ ધાનેરા

નેસનલ હાઈવે ધાનેરા માંથી પસાર થાય છે અને અગાઉ આ માર્ગ સ્ટેટ હાઈવેમાં હોવાથી લોકોને ચાલવા માટે ફુટપાથ બનાવવામાં આવ્યા હતા પરંતુ રોડની બન્ને બાજુના દુકાનદારોએ ફુટપાથ ઉપર દબાણો કરી દેતા લોકોને ચાલવુ મુસ્કેલ બન્યુ છે તેમજ આ માર્ગ ઉપર ત્રણ શાળાઓ આવેલ હોવાથી રોજના ૩૦૦૦ થી વધારે બાળકો પસાર થાય છે પરંતુ ફુટપાથ દબાણમાં હોવાના કારણે આ બાળકોને ચાલવા માટે ભારે મુસ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે.

ધાનેરા – થરાદ હાઈવે ઉપર ત્રણ મોટી શાળાઓ આવેલ છે તેમજ આ માર્ગ મુખ્ય માર્ગ હોવાના કારણે લોકોની અવર જવર વધારે રહેતી હોય છે જેથી અગાઉ આ માર્ગને વિકાસ પથ તરીકે લેવામાં આવેલ અને બન્ને સાઈડે ફુટપાથ બનાવવામાં આવ્યા હતા જેથી લોકોને ચાલવામાં સરળતા રહેતી હતી. પરંતુ સમય જતાં આ માર્ગને નેસનલ હાઈવેમાં ફેરવાતા તંત્ર દ્વારા આ બાબતે કોઈ પગલા ન લેતા લોકોએ ફુટપાથ ઉપર દબાણ કરી દેતા તમામ જગ્યાઓએ ફુટપાથ બંધ થઈ ગ્યા છે જેના કારણે વધારે મુસ્કેલી તો વિધાર્થીઓને ભોગવવી પડી રહી છે

અનુસંધાન પાના નં.૬

# અંબાજીમાં સુરક્ષાને ધ્યાને લાગવાશે CCTV, ભાદરવી પૂનમે મહામેળાનું આયોજન

પ્રતિનિધિ અંબાજી

યાત્રાધામ અંબાજીમાં ૩૧ ઓગસ્ટથી ૬ સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમનો નવ દિવસનો મહામેળો ભરાનાર છે. જેમાં લાખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોઇ તેમની સુરક્ષાને ધ્યાને લઇ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા મેળામાં ૧૦૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવનાર છે. મેળાના આયોજન અંગે રવિવારે અત્રે કલેકટરના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં યાત્રાળુઓની સુવિધા તેમજ સુરક્ષા વ્યવસ્થા સહિતને બાબતો અંગે ચર્ચા કરાઇ હતી.

ગત વર્ષે અંબાજી મહામેળામાં ૩૧ લાખથી વધુ યાત્રિકો આવ્યા હતા. જેને ધ્યાને લઇ જિલ્લા વહિવટી તંત્ર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા સુદઢ આયોજન માટે અત્યારથી જ તૈયારીઓ હાથ ધરાઇ છે.રવિવારે મેળાના આયોજન અને વ્યવસ્થા અંગે પાલનપુર ખાતે કલેકટર વ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન દિલીપ રાણાના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઇ હતી. જેમાં કલેકટરે વિવિધ સુવિધાઓ અંગે ઝીણવટભરી સમીક્ષા કરી માર્ગદર્શન અને જરૂરી સૂચના આપી હતી.

બેઠકમાં પીવાના પાણી, વીજળી, આરોગ્ય, એસટી બસ સુવિધા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી, સ્વચ્છતા, રસ્તા રીપેરીંગ વિસામા કેન્દ્રો, મંદિર પરિસર અને ગબ્બર મુકામે દર્શનાર્થીઓ માટે જરૂરી સુવિધા અંગેની વ્યવસ્થા બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરાઇ હતી. બેઠકમાં ખાણ અને ઉદ્યોગ વિભાગના નાયબ સચિવ અજય પટેલ, એસપી નિરજકુમાર બડગુજર, ટ્રસ્ટના વહિવટદાર આર.કે. પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હોસ્પિટલો ૨૪ કલાક ચાલુ રખાશે, દવાનો જથ્થો હાજર રખાશે મેળા દરમિયાન અંબાજી, હડાદ અને દાંતાની હોસ્પિટલો ૨૪ કલાક ચાલુ રહેશે. રસ્તાઓ ઉપર ઠેર-ઠેર આરોગ્ય કેમ્પો જેમાં હાર્ટએટેક, બીપી, અસ્થમા જેવી ગંભીર બીમારીના નિષ્ણાત ડોક્ટરો અને જરૂરી તમામ દવાઓનો જથ્થો ઉપલબ્ધ રખાશે. મહત્વના સ્થળોએ મોટા એલસીડી ગોઠવીને મેળાની તમામ વ્યવસ્થા ઉપરાંત યાત્રિકોને ઉપયોગી માહિતી દર્શાવાશે. જેમાં દર્શનનો સમય, સંબંધિત ફોન નંબરો અને જરૂરી માહિતી હશે.

# આજથી સમગ્ર ગુજરાતમાં દશામાના વ્રતનો પ્રારંભ



તા.પ્રતિનિધિ દીઓદર

આજરોજ અમાસને રવિવારથી દશામાના વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે.આ વ્રત ૧૦ દિવસ સુધી ચાલશે જેમાં દશામાના વ્રતનો મહિમા હવે ગામડાથી શહેરી તરફ વધુ જોવા મળી રહ્યો છે દશામાના વ્રતના પ્રારંભે ગઈકાલે દીઓદરમાં વરસાદ વચ્ચે પણ મહીલાઓ મોટી સંખ્યામાં માતાજીની સાંઢણી તેમજ પુજાપો લેવા માટે ઉમટી પડી હતી.અને વ્રત માટેની તમામ તૈયારીઓ મહીલાઓએ કરી દીધી હતી.દીઓદરની બજારમાં સાંઢડી ખરીદવા માટે મોટી સંખ્યામાં મહીલાઓ ઉમટી પડતા જ્યાં જુઓ ત્યાં ટ્રાફીક જામના દ્રશ્યો સર્જાયા હતા. આ વખતે બજારમાં ૫૦ રૂપીયાથી માંડી ૧૦૦૦ સુધીની વિવિધ સાંઢડીઓ રંગોમાં સજ્જ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. દશામાના વ્રતનો ધીરે ધીરે મહીમા વધતો જોવા મળી રહ્યો છે.આજથી શરૂ થઈ રહેલ દશામાના વ્રતને લઈને મહીલાઓમાં સારો એવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આજથી દીઓદર પોલીસ સ્ટેશન પાસે આવેલ દશામાના તેમજ સંતોષી માતાના મંદિરે વ્રતધારી મહીલાઓ દર્શન માટે ઉમટી પડશે.

અનુસંધાન પાના નં.૬

# કોતરવાડામાં સતત વરસાદથી વિજ થાંભલા ધરાશાઈ



નટુજી ઠાકોર

પ્રતિ. કોતરવાડા

દિયોદર તાલુકાના કોતરવાડા સહિતના ગામોમાં સતત ચાર કલાક સુધી મુશળધાર વરસાદ ખાબક્યો હતો. જેના કારણે ચોમેર પાણી - પાણી થઈ ગયું હતું. સતત વરસાદથી ખેતરો પાણીમાં ગરકાવ બની બેટમાં ફેરવાઈ ગયા હતા. જ્યારે વરસાદી આક્રમણથી અનેક વૃક્ષો સાથે ઉત્તર ગુજરાત વિજ કંપનીના થાંભલા પણ ધરાશાઈ થઈ ગયા હતા. જેના કારણે જનજીવન અસ્ત - વ્યસ્ત થઈ ગયું હતું. મેઘરાજાનું રોદ્ર સ્વરૂપ નિહાળી પ્રજા અચંબામાં મુકાઈ હતી. જો કે બપોરે મેઘરાજાએ વિરામ લેતા હર કોઈના જીવમાં જીવ આવ્યો હતો.

# માંડલા પંથકમાં ધોધમાર વરસાદ



અશોક પ્રજાપતિ

પ્રતિ. માંડલા

ચાલુ સાલે સૌરાષ્ટ્ર- કચ્છને ધમરોળ્યા બાદ મેઘરાજાએ જાણે ઉત્તર ગુજરાતમાં વરસવાનું મન બનાવી લીધુ હોય તેમ છેલ્લા ચોવીસ કલાકમાં પંથકના તમામ વિસ્તારોમાં ૨ થી ૩ ઈંચ વરસાદ વરસ્યો છે.

કાંકરેજના માંડલા પંથકમાં ૩ ઈંચ વરસાદ પડતા ખેતરોમાં પાણી ભરાયા છે. જો હવે વધુ વરસાદ ખાબકે તો જગતના તાતે મહામહેનતે તૈયાર કરેલા કપાસના પાકોને નુકશાની જવાની ભીતી સેવાઈ રહી છે. હવે વરસાદ વિરામ લે તો ખેતી માટે સારો પુરવાર થાય તેમ છે.પંથકના માંડલા, જાખેલ, સુબાપુરા, વરસડા, રૂવેલ ગામોમાં વ્યાપક વરસાદ વરસતાં ઠેરઠેર પાણી ભરાવવાનો દ્રશ્યો સર્જાયા હતા. તળાવોમાં પાણીની વ્યાપક આવકો સર્જાઈ હતી.

આગામી ૭૨ કલાક ભારે વરસાદની આગાહીના પગલે લોકોના જીવ પડીકે બંધાયા છે. જો વ્યાપક વરસાદ થાય તો ઉભી મોલાત નિષ્ફળ જવાનો ભય જગતના તાતને સતાવે છે.

# બનાસકાંઠામાં આજથી દશામાના વ્રતનો શુભારંભ

## માતાજીની મૂર્તિઓ ખરીદવા મહિલાઓનો ઘસારો : માતાજીના મંદિરે રોશની -ફૂલોથી શણગારાયા



વિનોદ બાંડીવાલા

ડીસા

બનાસકાંઠા સહિત ઉત્તર ગુ- જરાતમાં આજે અષાઢી અમાસથી દુઃખડા હરનારી મા દશામાના વ્રતનો ભક્તિભાવભર્યા માહોલમાં શુભારંભ થશે. સતત દસ દિવસ વ્રતધારી ભાઈ- બહેનો માના ગુણલા ગાઈ પૂજા- અર્ચના કરશે.

દુઃખડા હરનારી મા દશામાના વ્રતનો મહિમા વર્ષોથી અકબંધ જળવાઈ રહ્યો છે. જેથી વ્રતના આગળના દિવસે માતાજીની મૂર્તિઓ ખરીદવા વરસાદી વાતાવરણ હોવા છતાં ખાસ કરીને મહિલાઓનો ભારે ઘસારો જોવા મળ્યો હતો. ૧૦૦ થી માંડી ૧૦૦૦ રૂા. માં મૂર્તિઓ ખરીદાઈ હતી.

અનુસંધાન પાના નં.૬

**પાટ સ્થાપનાનું મુહુર્ત**

ડીસાના પંડિત નવિનભાઈ દવેના જણાવ્યા મુજબ દશામા વ્રત આરંભઃ- અષાઢ વદ અમાવસ તા. ૨૩/૭/૨૦૧૭ ને રવિવારે પાટમુહુર્તઃ- સવારે ૭ઃ૩૦ થી ૧૨ઃ૧૫, બપોરે ૧૧ઃ૩૦ થી ૩ઃ૦૦ સુધી, સાંજે ૬ઃ૦૦ થી રાત્રે ૧૦ઃ૩૦, જાગરણઃ- તા. ૧/૮/૨૦૧૭ ને મંગળવાર શ્રાવણ સુદ ૯ , મૂર્તિ વિસર્જનઃ- તા. ૨/૮/૨૦૧૭ ને બુધવાર શ્રાવણ સુદ-૧૦ સવારે ૪ઃ૩૦ થી ૯ઃ૦૦

## સતત એકધારા વરસી રહેલા વરસાદી માહોલ વચ્ચે પણ

# મીઠી - પાલડીમાં દશામાની મુર્તિઓનુ ધૂમ વેચાણ



નવિન દોશી

પ્રતિનિધિ મીઠી-પાલડી

દુખડા હરનારી માં દશામાના વ્રતનો આજથી જ પ્રારંભ થનાર છે. જેથી મહિલાઓમાં ઉત્સાહ છવાયો છે.તેમજ વળી આ વખતે વરસાદ પણ પુરતો થયો હોવાથી ગ્રામીણ તળાવો પણ ભરાયેલ જોવા મળી રહ્યા છે જેથી વ્રતધારી મહિલાઓમાં ઉત્સાહ તેમજ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે,

બનાસકાંઠા જિલ્લામાં દરેક ગામડાઓમાં આજે પણ દશામાના વ્રતોનો મહિમા અકબંધ રહ્યો છે, ઠેરઠેર મહિલાઓ માતાજીના વ્રતોની રંગેચંગે ઉજવણી કરી દશ દિવસના વ્રત રાખી ઉપવાસ કરી માતાજીની આરાધના કરે છે. જેથી મહિલાઓ સાંઢણી સવાર માતાજીની મુર્તિઓ ખરીદવા લાગી છે, જેના કારણે આજે વરસાદી માહોલ વચ્ચે પણ બજારોમાં ભરપુર ભીડ જોવા મળી રહી છે, આજે અષાઢ અમાષથી પ્રારંભ થતા આ દશ દિવસના વ્રતને લઈને મીઠી-પાલડી પંથકના ગામડાંઓમાં તેમજ બજારોમાં અવનવી માતાજીની મુર્તિઓ આવી ગઈ છે,

અનુસંધાન પાના નં.૬

# ધાનેરાના દેઢા અને સબાવડી ગામ બસ સેવાથી વંચિત

પ્રતિ. રવિયા

સરકાર ગામડાઓના સર્વાંગી વિકાસના દાવા કરે છે. પરંતુ ધાનેરા તાલુકાના દેઢા અને સબાવડી ગામની પ્રજા આઝાદીને દાયકાઓ વિતવા છતાં બસ સુવિધાથી વંચિત રહી ગઈ છે. જેના કારણે ખાસ કરીને વિદ્યાર્થીઓને ભારે હાડમારીઓ વેઠવી પડે છે. દેશની આઝાદીને દાયકાઓ વિતી ગયા છે. પરંતુ અનેક ગામડાઓની પ્રજા આજે પણ પ્રા. સવલતો માટે ટળવળે છે. દેઢા અને સબાવડી ગામની પ્રજા બસ સુવિધાથી વંચિત રહી ગઈ છે. અગાઉ થોડા સમય માટે બસ મુકાઈ હતી પરંતુ પ્રજાને દર્શન બાદ બસ બંધ કરી દેવાઈ હતી. ત્યારબાદ આજ સુધી પ્રજાને બસના દર્શન થયા નથી જેના કારણે ખાસ કરીને ઉચ્ચ અભ્યાસ અર્થે અપડાઉન કરતા વિદ્યાર્થીઓને ભારે હાડમારીઓ ભોગવવાનો વારો આવે છે. બસના અભાવે ના છૂટકે તેમને જીવના જોખમે ખાનગી વાહનોમાં ઘેટા - બકરાંની જેમ ૨૫ કી.મી લાંબી મુસાફરી કરીને ભણવા જવું પડે છે. જેથી સમય પણ બગડે છે. તેમાં પણ ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને ભણવું મુશ્કેલ બની ગયું છે. આ બાબતે અવાર નવાર તંત્રનું ધ્યાન દોરવા છતાં કોઈ પગલા ભરાતા નથી તેથી ગ્રામલોકો ભારોભાર અન્યાયની લાગણી અનુભવે છે.

# કાંકરેજ તાલુકામાં શ્રીકાર વરસાદથી ખુશાલીનો માહોલ : કાચું સોનું વરસ્યાનો આનંદ



યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમ વિસ્તારના કાંકરેજ તાલુકામાં ભુગર્ભ જળ દિન- પ્રતિદિન ઉંડા જઈ રહ્યાં છે ને બનાસ નદી પટ વિસ્તારમાં રેત ખનન માફીયાઓએ કબજો જમાવતાં ડેમનું કે નર્મદાનું પાણી છોડવામાં આવતુ નથી. જેના કારણે ખેડૂતો - પશુપાલકોની હાલત કફોડી બની હતી ને મેઘરાજાની અનિયમિત અકળાવતી હતી. અષાઢ પુરો થવા આવ્યો છતાં સંતોષકારક વરસાદ થયો ન હતો. રાત્રિના અગિયાર વાગ્યાથી ગાજવીજ સાથે સમગ્ર કાંકરેજ તાલુકામાં શ્રીકાર વરસાદ થતાં આનંદની લાગણી ફેલાઈ હતી. શનિવાર બપોરના બે વાગ્યા સુધી સતત મુશળધાર વરસાદથી કાંકરેજ તાલુકાના થરા, ટોટાણા, ઉણ, રાજપુર, ખીમાણા, કંબોઈ સહિતના વિસ્તારમાં ખેડુતો, પશુપાલકોએ ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ વર્ષે કાચુ સોનું વર્ષ્યું છે.

અનુસંધાન પાના નં.૬

## ધાનેરામાં ડો.મંગલ દ્વારા બ્રાહ્મણ યુવક ઉપર હુમલો

# બ્રાહ્મણ સમાજ ના યુવાનો દ્વારા સભા યોજાઇ



પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા માં રહેતા અને મંગલ હોસ્પિટલ માં એમ્બ્યુલસ ચલાવતા ભાવેશ જોશી નામના યુવક પર મંગલ હોસ્પિટલ ના ડો.મુકેશ મંગલ સહીત અન્ય લોકોએ ભેગા મળી ભાવેશ ને જાનથી મારી નાખવાનું કાવતરું રચ્યું હતું અને ભાવેશ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો જે બાબતે ધાનેરા પોલીસ મથક માં ગુનો નોંધાયો હતો પરંતુ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી ન કરતા અને આરોપીઓ ની અટકાયત ન કરતા આજે ગુજરાત અને રાજસ્થાનના બ્રાહ્મણ યુવકો દ્વારા ભેગા મળી ધાનેરા ના લાલચોક ખાતે સભા કરવામાં આવી હતી અને પોલીસ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે આજે હુમલા ને વિસ દિવસ નો સમય વીતી ગયો ભાવેશ અમદાવાદ ની હોસ્પિટલ માં જીવન મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે છતાં પણ ધાનેરા પોલીસ દ્વારા આરોપીઓ ની અટકાયત ન કરતા અમે આ આંદોલનરુપી સભા કરી છે અને જો આવનાર સમય માં પોલીસ ડૉ. મંગની અટકાયત નહિ કરે તો આનાથી પણ વધુ આંદોલન

અનુસંધાન પાના નં.૬

## તંત્રી સ્થાનેથી ...

**ન્યાય કરવામાં મોડું કરવું એ અન્યાય છે.**

# સંસદમાં હંગામો કર્યા વિના પ્રશ્નોની ચર્ચા થવી જોઈએ

સસદના બંને ગૃહોમાં જે તે વિધેયકોની ચર્ચા થાય છે તેનો અંત જે રીતે ઝડપથી લાવવો જોઈએ તે લવાતો નથી. સંસદ એ લોકતંત્રના વિચારોનું સાચું કેન્દ્ર છે અને ત્યાં રજુ થનારા તમામ જરૂરી પ્રશ્નોની વિસ્તારપૂર્વક ચર્ચા થવી જોઈએ. વિપક્ષો પોતાના પ્રશ્નો રજુ કરે તો તે પ્રશ્નોની યોગ્ય સમીક્ષા થવી જોઈએ. ભારતની આઝાદીને ૭૦ વર્ષ વીતી ગયા છતાં આપણી સંસદ ન તો યોગ્ય રીતે પરિપક્વ બની છે, ન તો તેનો વિકાસ થયો છે. સમયની સાથે સાથે ઘણું બધું બદલાતું રહ્યું છે પરંતુ આપણી સંસદમાં જે હોબાળા અને ધાંધલ ધમાલ થાય છે તેમાં કોઈ પરિવર્તન લાવી શકાયું નથી! સંસદના ચોમાસુ, શિયાળુ અને ઉનાળુ સત્ર દરમ્યાન સેંકડો વિધેયકોની ચર્ચા થઈ હશે પરંતુ તેમાંના કેટલા વિધેયકોને લીલીઝંડી મળી હશે તે નક્કી નથી. લોકો સાથે જોડાયેલા પ્રશ્નો પર સાર્થક વાતચીત થાય તે મહત્વની કહી શકાય.

ગૃહમાં સાંસદો પ્રશ્નો પૂછે છે પરંતુ તે પ્રશ્નોમાંથી કેટલાક પ્રશ્નો અગત્યના હોતા નથી. હકીકતમાં મુખ્ય બાબત એ છે કે સંસદમાં જે કાયદો ઘડવાની પ્રક્રિયા છે તેને યોગ્ય રીતે આગળ ધપાવવી જોઈએ, સરકાર એવું ઈચ્છે છે કે, શક્ય હોય તો સાંસદો સવાલ ન પૂછે અને પૂછવા જ હોય તો સરકારનો વિરોધ કરવાના બદલે તેને અનુકુળ જ પૂછે! સમય સાથે બધું જ બદલાવ આવ્યો છે, ૧૯૭૦ બાદ સંસદની વિશેષતા રહેતી હતી કે તેમાં પણ સમયની સાથે બદલાવ આવ્યો છે. જો કે વિધેયકોની ચર્ચા આજે પણ થયા કરે છે પરંતુ તેમાં પક્ષાપક્ષી ઘણી થાય છે. તટસ્તા નથી રહેતી!

તેના પરિણામે બેઠકનો બહિષ્કાર થવા સુત્રોચ્ચાર સામે ધાંધલ ધમાલ થયા વિના રહેતી નથી. મતલબ કે સંસદની ગરીમા જળવાતી નથી. ફાવે તેવા શબ્દોનો ઉપયોગ કરવો તે હવે સાંસદો માટે સામાન્ય બની ચૂક્યો છે.

૨૦૧૨ થી ૨૦૧૬ સુધીના આંકડા મુજબ લોકસભા દર વર્ષે સરેરાશ ૬૯ દિવસ કાર્યરત રહી હતી. તેમાંથી ૨૦ દિવસ ધાંધલ ધમાલમાં ગયા જ્યારે રાજ્ય સભા ૬૮ દિવસ કાર્યરત કરી હતી તેમાંથી ૧૦ દિવસ વ્યર્થ ગયા હતા. કામ નહિ કરવાના દિવસોમાં પણ સાંસદોને નાણાં તો ચૂકવાયા જ છે, જ્યારે સંસદમાં કામકાજ થયું ત્યારે કામકાજના બદલે હંગામો જ થયા કર્યો હતો. વિદેશની સંસદમાં હંગામા ઓછા થાય છે. ખરેખર તો સાંસદોએ સુધરવું જોઈએ અને સંસદની ગરીમા જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ.. સંસદ એ આપણા કોઈ પૂર્વજોની પેઢી નથી. આ બાબત સાંસદોએ ધ્યાનમાં રાખવી જોઈએ. જાપાન- અમેરિકામાં સાસંદોને જે વેતન મળે છે તે ઘણુ છે. એવું નથી. ભારતમાં સાંસદોને સંસદીય ક્ષેત્રનું ભથ્થું અને કાર્યાલય ખર્ચ જોડીએ તો સાંસદોને દર માસે સરકાર રૂા. ૧.૪ લાખ તો આપે જ છે. તે ઉપરાંત સંસદ સત્ર, અને સમિતિઓની બેઠકમાં હાજર રહેવા તેમને સારું એવું ભથ્થું મળતું હોય છે. સાથે સાથે રહેઠાણ, વીજળી,પાણી, ટેલિફોન, આરોગ્યસેવા વગેરે મફત જ હોય છે. આમ દરેક સાંસદને વાર્ષિક ૩૫ લાખથી વધુ રકમ મળે છે, જે સામાન્ય રીતે દેશવાસીની સમાન્ય આવકથી ૪૦ ઘણી રકમ વધુ છે. તેમ છતાં સંસદમાં હોબાળા ચાલુ જ હોય છે.જટિલમાં જટિલ પ્રશ્નોની ચર્ચા સંસદમાં શાંતિપૂર્ણ થાય તે મહત્વની બાબત છે. પ્રશ્નકાળ દરમ્યાન જે પ્રશ્નોની ચર્ચા થવી જોઈએ. તેનો વિરોધ ન થવો જોઈએ. પ્રત્યેક પ્રશ્ન સમજુતિપૂર્વક ઉકેલવામાં આવે તો સંસદની ગરીમાને આંચ નહિ આવે!

## આયુર્વેદ, યુનાની અને સિદ્ધ સાહિત્યમાં આલમન્ડસના આરોગ્યપ્રદ લાભો ગુણો દર્શાવાયા છે

અમદાવાદ

આયુર્વેદ અલ્ટરનેટિવ મેડિસીનનું સ્વરૂપ છે જેમાં શરીર, મન અને આત્માને ઈન્ટિગ્રેટ કરવામાં અને ટ્રીટ કરવામાં આવે છે જેમાં ડાયેટ, હર્બલ રેમેડીઝ, એક્સરસાઈઝ, મેડિટેશન, બ્રિધીંગ અને ફિઝિકલ થેરાપી પર ભાર મૂકીને વ્યાપક હોલિસ્ટીક અપ્રોચનો ઉપયોગ કરવામાં આવે છે. આ મેડિસીનનું સ્વરૂપના ઊંડા મૂળ આપણી સંસ્કૃતિમાં પડેલા છે જેમાં આલમન્ડના ઉપયોગની પરંપરા પણ સામેલ છે એમ ડો. પદ્મા વેંકટેશસુબ્રહ્મણ્યમ અને ડો. સુબ્રહ્મણ્યમ કુમાર, ટ્રાન્સ ડિસિપ્લીનરીયુનિવર્સિટી (ટીડીયુ)એ યુનિવર્સિટી દ્વારા આયુર્વેદ, સિદ્ધ અને યુનાની ટેક્સ્ટસ અને દસ્તાવેજોમાં પ્રકાશિત આલમન્ડ્સના ઉપયોગ અને તેના આરોગ્ય લાભો વિશે જણાવાયું હતું. 'આલમન્ડ્સને વર્ષોથી આરોગ્ય માટે લાભકારી ગણવામાં આવે છે. તેનાવિશે માનવામાં આવે છે કે બદામ (આલમન્ડ્સ)માં પોષક ગુણધર્મો હોય છે. જો કે મોડર્ન મેડિસીનના વિકાસ સાથે લોકો લેબમાં વિકસિત દવાઓનો ઉપયોગ સામાન્યબીમારી કે તકલીફમાં વધ્યો છે, જેની સામે આયુર્વેદ, સિદ્ધ કે યુનાની જેવી પરંપરાગત પ્રેક્ટીસીસ કે કુદરતી ખાદ્યપદાર્થોનો ઉપયોગ વધતો જાય છે. સિદ્ધ પ્રેકટીસ પ્રમાણે,આલમન્ડ વિશે એમ પણ મનાય છે કે તેમાં લાઈફસ્ટાઈલ કંડિશન્સ જેમકે ગેસ્ટ્રીક ઈરીટેશન અને ડાયાબિટીસના દર્દીઓ માટે થેરાપુટિક ઈફેક્ટ ધરાવે છે.' 'આ રિવ્યુ દ્વારા એક નોંધપાત્ર જાણકારી એ મળી છે કે આયુર્વેદ અને યુનાની એમ બંને પ્રમાણે આલમન્ડ ખાવાથી તેની થેરાપુટિક ઈફેકટ પુરૂષની ફળદ્રુપતાઅને ઘટેલા સેક્સ્યુઅલ પર્ફોર્મન્સમાં થાય છે, જે સ્થિતિ આજની ઝડપી દુનિયામાં પુરુષો અનુભવી રહ્યા છે.'ડાયેટ, વેલનેસ એન્ડ ન્યુટ્રીશ કન્સલ્ટન્ટન્ટ કોમલ પટેલે કહ્યું હતું,'લાઈફસ્ટાઈલ રોગોની જાગૃતિ વધતા લોકો વધુને વધુ સ્વસ્થ જીવન માટે પ્રયાસો કરે છે.

હું દરરોજના નાસ્તામાં મુઠ્ઠીભર (૩૦ ગ્રામ અથવા તો ૨૩ નંગ) આલમન્ડખાવાની લોકોને સલાહ આપું છું જેથી દિવસભરની ઊર્જા મળી રહે છે અને તે તેમના હૃદયના સ્વાસ્થ્ય, વજન અને ડાયાબિટીસના મેનેજમેન્ટ માટે પણ ઉત્તમ છે. તેનાથીએવા લાભ મળે છે કે જે વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયા છે. જો કે આ રિવ્યુ એ પણ કહે છે કે ભારતીય મેડિકલ ટ્રેડિશન્સમાં તો આલમન્સથી અનેકવિધ લાભો મળે છે એવી વાતવર્ષો અગાઉ કહેવામાં આવી છે અને એ વાતને આજે વૈજ્ઞાનિક સમર્થન પણ મળ્યું છે. એ રસપ્રદ છે કે આ ટેક્સ્ટમાં આલમન્ડના કારણે સ્કીન તથા વાળના સ્વાસ્થ્યમાં પણલાભ થાય છે એવું દર્શાવાયું છે અને એફ્રોડિસિયેક તરીકે તેના વિશે ઘણી ઓછી વાતો થઈ છે.'

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥

ISO 9001:2008 CERTIFIED

ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ

RNI No. : GUJGUJ / 2010 / 35414

Stock Market Trend

www.Investmentpoint.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

# શેરબજાર માં અફડા તફડી બાદ સ્ટોક સ્પેશિફીક તેજી યથાવત ...!!!

## ઇન્વેસ્ટમેન્ટ પોઈન્ટ // નિખિલ ભટ્ટ // : સમીક્ષા સમય : ૨૪.૦૭.૨૦૧૭ થી ૨૮.૦૭.૨૦૧૭ :

### રોકાણકાર મિત્રો, આનંદ ને ...!!

ગત સપ્તાહમાં ભારતીય શેરબજારમાં તેજી તરફી આગેકુચ નોંધાઈ હતી અને આ ઉપરાંત સંસદના ચોમાસું સત્રની કામગીરી પર પણ રોકાણકારોની નજર રહે તેવું લાગે છે તેમજ કંપનીઓના નાણાકીય પરિણામો પર પણ શેરબજારની ચાલનો આધાર રહેશે. કંપનીઓના પરિણામો જાહેર થવાની સાથે શેરબજારમાં સ્ટોક સ્પેશિફિક મુવમેન્ટની શક્યતાઓ રહે તેમ છે. તેમજ કોઈ આર્થિક ડેટાના અભાવે બજારનું ધ્યાન સંસદના ચોમાસુ સત્ર તેમજ કંપનીઓના ત્રિમાસિક પરિણામો પર જ નિર્ભર રહેશે. ગત સપ્તાહે રિલાયન્સ,બજાજ ઓટો, **ACC**,અલ્ટ્રાટેક સિમેન્ટ, વિપ્રો તેમજ કોટક મહિન્દ્રા બેન્ક વગેરે કેટલીક હેવીવેઈટ કંપનીઓ તેમના પ્રથમ ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા હતા. કંપનીઓના પરિણામની જાહેરાત બાદ કંપનીના શેર્સ વોલેટાઈલ રહેવાની ધારણા છે.સતત ચાર સેશનની એકધારી તેજી અને નવા વિક્રમો રચ્યા બાદ બજારમાં નરમાઈ જોવા મળી હતી. જોકે, સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. આ સાથે સરકાર દ્વારા પીએસયુ બેંકોના મેગા મર્જરની તૈયારી થઈ રહી હોવાના અહેવાલે બેંકિંગ શેરોમાં પણ ફંડોની તેજી આવી હતી તેમજ કેન્દ્ર સરકાર દ્વારા જીએસટી સહિતના આર્થિક સુધારાના મહત્વના પગલાં અમલીકરણમાં આવતા અને જૂન ૨૦૧૭ના અંતના ત્રિમાસિકના પરિણામો અપેક્ષાથી સારા જાહેર થઈ રહ્યા હોવા ના કારણે ફંડોએ ઘટાડે શોર્ટ કવરિંગ સાથે લાર્જ કેપ શેરોમાં વેલ્યુબાઈંગની તક ઝડપી હતી સાથે સાથે ટેલીકોમ પોલીસી પણ જાહેર થનાર હતી તેથી ટેલીકોમ શેરોમાં પણ આકર્ષણ રહ્યું હતું એફએમસીજી, ફાર્મા, ઓટો, ઓઈલ-ગેસ, મેટલ શેરોની સાથે સ્મોલ, મિડ કેપ શેરોમાં પણ લેવાલી થઈ હતી. તેમજ સેન્સેક્સ ૨૪૪.૩૬ પોઈન્ટ ઉછળીને અંદાજીત ૩૧૯૪૦.૪૦ અને નિફટી સ્પોટ ૭૨.૪૫ પોઈન્ટની છલાંગે અંદાજીત ૯૮૯૯.૬૦ આસપાસ પ્રવર્તી રહયા હતા.અત્યાર સુધીમાં ચોમાસું સરેરાશથી પણ વધારે સારૂ રહ્યું છે તે જોતા ગ્રામિણ ઈકોનોમીમાં તેજી આવવાની શક્યતા છે. આ ઉપરાંત રિટેલ ફુગાવો વિક્રમ નીચી સપાટીએ આવી ગયો હોવાથી નીતિવિષયક દરોમાં ઘટાનાની શક્યતા પણ વધી છે. આ તમામ પરિબળો શેરબજાર પર પ્રોત્સાહક અસર કરી રહયા છે.

### વૈશ્વિક પરિબળોની વાત કરીયે તો....

ભારતના ઈક્વિટી અને બોન્ડ માર્કેટ્સમાં વિદેશી પોર્ટફોલિયો અને રોકાણકારો માટે એફપીઆઈના જંગી નાણાપ્રવાહ માટે અમેરિકાના ડોલર ઈન્ડેક્સમાં તીવ્ર ઘટાડો એક મુખ્ય કારણ હતું અને બ્લૂમબર્ગ ડોલર ઈન્ડેક્સ ગયા વર્ષના જુલાઈથી ડિસેમ્બર દરમિયાન આશરે ૧૦% વધ્યા બાદ ચાલુ વર્ષના પ્રારંભથી આશરે ૮% તૂટ્યો હતો. તેમજ સેન્સેક્સમાં પહેલી જાન્યુઆરીથી આશરે ૨૧% તેજી આવી હતી અને અમેરિકામાં ફુગાવો અને રિટેલ સેલ્સના નબળા ડેટા બાદ ડોલરમાં વધુ ઘટાડો થયો હતો. તેમજ તે ૯૫.૧૫ના તેના ૧૦ મહિનાના નીચા સ્તરે બંધ આવ્યો હતો. ડોલર ઈન્ડેક્સ અને ઊભરતાં બજારોનાં ચલણો અને શેરો વચ્ચે વ્યસ્ત સંબંધ છે. ફંડ મેનેજર્સ ઊભરતાં બજારોનાં ચલણો અને શેરોની મજબૂતાઈ જાણવા માટે ઘણીવાર આ ઈન્ડેક્સનો ઉપયોગ કરે છે. ડોલર ઈન્ડેક્સમાં ઘટાડો ભારતના શેરબજાર માટે સારા સંકેત છે, કારણ કે ઊભરતાં બજારો માટે વિદેશી ફંડ્સના તેજીના વલણનો સંકેત આપે છે. ડોલર ઈન્ડેક્સમાં ઘટાડો ભારત સહિતનાં ઊભરતાં બજારો માટે નિશ્ચિતપણે સારા સંકેત છે અને હકીકતમાં ઘણા એફપીઆઈ ભારત જેવાં ઊભરતાં બજારોમાં હવે પરત આવી રહ્યા છે, જેનો સંકેત એફઆઈઆઈના મજબૂત નાણાપ્રવાહમાં મળે છે. એફપીઆઈએ ચાલુ વર્ષે અત્યાર સુધી ભારતના ઈક્વિટી માર્કેટ્સમાં આશરે રૂ.૫૫,૦૦૦ કરોડ અને ડેટ માર્કેટમાં આશરે રૂ.૧.૦૫ લાખ કરોડનું રોકાણ કર્યું છે. માર્ચ ૨૦૧૭માં એફઆઈઆઈનો નાણાપ્રવાહ આશરે રૂ.૩૦,૯૦૦ કરોડ રહ્યો હતો, જે માસિક ધોરણે વિક્રમ નાણાપ્રવાહ છે. માર્ચ ૨૦૧૭ પછીથી એફઆઈઆઈ તેમની પોઝિશનમાં વધારો કરી રહ્યા છે. જાન્યુઆરીથી માર્ચ દરમિયાન ડોલર ઈન્ડેક્સમાં આશરે ૪%નો ઘટાડો થયો હતો.અમેરિકામાં ફેડરલ રિઝર્વ આક્રમક નાણાનીતિ અપનાવે ત્યારે સામાન્ય રીતે ડોલરમાં મજબૂતાઈ જોવા મળે છે. પરંતુ ફેડની છેલ્લી કેટલીક બેઠકોમાં તેના આક્રમક વલણમાં ઘટાડો થતો જોવા મળ્યો છે. ૨૦૧૭માં વ્યાજદરમાં માત્ર ૨૫ બેસિસ પોઈન્ટ્સ અથવા ૨૦૧૮માં વ્યાજદરમાં ૭૫ બેસિસ પોઈન્ટ્સનો વધારો કરવાનું ફેડનું ગાઈડન્સ તેના અગાઉના ગાઈડન્સ કરતાં ઘણું હળવું છે. તેમજ ડોલર ઈન્ડેક્સમાં તીવ્ર ઘટાડા બાદ ફેબ્રુઆરી ૨૦૧૭થી એફઆઈઆઈ ભારતના બજાર માટે બુલિશ બન્યા છે. ડોલર ઈન્ડેક્સમાં ઘટાડો ભારતની નાણાભીડનો સામનો કરી રહેલી ઘણી મેન્યુફેક્ચરિંગ કંપનીઓ માટે સારા સંકેત આપ્યા છે તેમજ વિકસિત દેશોની મધ્યસ્થ બેન્કોએ અપનાવેલી સાનુકૂળ નીતિ, ઈટીએફ જેવા ઓછા ખર્ચના ઈક્વિટી વિકલ્પની ઉપલબ્ધતા અને જોખમી એસેટ્સમાં ઓછી વોલેટિલિટીને કારણે વૈશ્વિક શેરબજારોના રોકાણમાં ઉછાળો નોંધાયો હતો. તેને લીધે તેમનું માર્કેટ કેપ રેકોર્ડ ૭૭ ટ્રિલિયન ડોલરે પહોંચ્યું છે, જે અમેરિકાના ૧૮.૫ ટ્રિલિયનના જીડીપી કરતાં ચાર ગણું હતું. આ સાથે ઈક્વિટીની સરેરાશ ફાળવણી ૨૦૦૭ની તેજીની ૪૨%ની ટોચને વટાવી ગઈ હતી. ઈક્વિટીની ફાળવણીનું આટલું ઊંચું પ્રમાણ માત્ર બે વખત જ નોંધાયું હતું. ૧૯૬૦ના દાયકામાં અને ૧૯૯૦ના દાયકામાં ડોટ-કોમ તેજી વખતે છેલ્લા એક વર્ષમાં વૈશ્વિક શેરબજારો ૧૨ ટ્રિલિયન ડોલર વધ્યાં છે. જેમાં ૨૫% હિસ્સો અમેરિકન બજારનો છે અને અમેરિકન બજારના રિટર્નમાં ૫૦% હિસ્સો ફેસબુક, એમેઝોન, નેટફ્લિક્સ અને ગૂગલનો છે.વૈશ્વિક ઈક્વિટીમાં આ શેરોએ લગભગ ભારતીય બજારના ૫૦% માર્કેટ કેપ જેટલો એટલે કે, ૧ ટ્રિલિયનનો ઉમેરો કર્યો છે. ઘણા દેશો દ્વારા સંખ્યાબંધ સ્ટિમ્યુલસને કારણે ૧૦ ટ્રિલિયનનું ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ મોટા ભાગના સોવરિન બોન્ડ્સ નેગેટિવ વળતર આપી રહ્યું હતા. ઈક્વિટીમાં સતત સુધારો રોકાણકારોનો ભરોસો વધારી રહ્યો છે. તેમજ સિટીગ્રૂપનો ગ્લોબલ રિસ્ક એવર્ઝન ઈન્ડેક્સ ૨૦૦૮ અગાઉના સ્તરે ગબડ્યો છે, આ સ્તર પર નાણાકીય કટોકટી અગાઉ જોવા મળ્યો હતો. તેના પરથી કહી શકાય કે, રોકાણકારોમાં જોખમ લેવાનું પ્રમાણ વધ્યું છે અને બજારની આ વખતની તેજીમાં અગાઉની ટોચ કરતાં થોડો ફેરફાર છે. મિત્રો ખાસ કરીને બજારનું માળખું આ વખતે અલગ છે અને વધુમાં **MSCI ACWI** ગ્લોબલ ઈક્વિટી ઈન્ડેક્સનો ફોરવર્ડ **P/E** ૨૦૦૭ની ૧૪.૫ની ટોચને વટાવી ૧૬ના સ્તરે પહોંચ્યો છે. વૈશ્વિક બજારોનો માર્કેટ કેપ ટુ જીડીપી રેશિયો ૨૦૦૭ના ૧૦૪ %ની તુલનામાં હાલ ૮૯.૪%ના સ્તરે છે જે થોડી રાહત આપી રહયું છે.

### મિત્રો, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ માં વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા

નવેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૧૯૯૮૨.૩૭ કરોડની વેચવાલી, ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૧૧૩૨૫.૨૮ કરોડની વેચવાલી, જાન્યુઆરી ૨૦૧૭ અંદાજીત રૂ.૧૯૦૧.૩૨ કરોડની વેચવાલી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૮૭૦૪.૪૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૨૬,૪૭૩.૧૭ કરોડની ખરીદી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૨૭.૫૬ કરોડની વેચવાલી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૨.૫૪ કરોડની વેચવાલી,જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૦૫૧.૪૩ કરોડની વેચવાલી, ૨૦ જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૦૦૩.૮૫ કરોડની વેચવાલી કરવામાં આવી હતી.

### ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૬ માં સ્થાનિક સંસ્થાઓના રોકાણકારો દ્વારા

નવેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૧૮,૨૭૭.૦૩ કરોડની ખરીદી, ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં અંદાજીત રૂ.૯૧૩૬.૦૯ કરોડની ખરીદી, જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૫૦૩.૯૪ કરોડની ખરીદી, ફેબ્રુઆરી ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૩૫.૨૬ કરોડની ખરીદી, માર્ચ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૩૯૫.૬૧ કરોડની વેચવાલી, એપ્રિલ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૯૨૪૭.૪૩ કરોડની ખરીદી, ૩૧ મે ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૪૨૭૭.૦૬ કરોડની ખરીદી,૨૮ જુન ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૬૬૭૬.૧૧ કરોડની ખરીદી, ૨૦ જુલાઈ ૨૦૧૭ સુધીમાં અંદાજીત રૂ.૧૯૬૯.૫૮ કરોડની ખરીદી કરવામાં આવી હતી.

### બજારની ભાવિ દિશા.....

મિત્રો, એનએસઈનો ઈન્ડેક્સ નિફ્ટી ૧૦૦૦૦ પોઈન્ટના જાદુઈ આંક સુધી પહોંચવાની તૈયારીમાં છે જો નિફ્ટી ૧૦૦૦૦ પોઈન્ટને પાર કરે તે પછી આપણે બજારમાં સાવચેત રેહવું જરૂરી છે કારણ કે વેલ્યુએશન કે અર્નિંગ રિકવરીથી હાલની તેજીને ન્યાયી ઠેરવી શકાય તેમ નથી. તેમજ આપણને કોર્પોરેટ અર્નિંગમાં હજુ રિકવરી જોવા મળી નથી અને જીએસટી બાદ તેમાં વધુ બે ક્વાર્ટરનો સમય લાગી શકે તેમ છે જોકે હાલનું બજાર શોર્ટ પોઝિશન માટેનું નથી કારણ કે ટૂંકા ગાળાનો ટ્રેન્ડ પોઝિટિવ છે અને દરેક મોમેન્ટમ ઈન્ડિકેટર્સ માત્ર તેજીનો સંકેત આપે છે. પરંતુ ટૂંકા ગાળા માટે બજાર મોમેન્ટમની સામે વેલ્યુએશનની અવગણના કરી રહ્યું હોય તેમ લાગે છે અને તે આ પોઝિટિવ મોમેન્ટમ કેટલું લાંબું ચાલશે તેની ગણતરી કરવાનું મુશ્કેલ છે અને મિત્રો સાવચેત બનવું એટલે કે થોડો નફો બુક કરવો તેમજ અતિઉત્સાહમાં ન આવી જવું અને ખાસ કરીને મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં મોમેન્ટમનો પીછો ન કરવો તેવી મારી અંગત સલાહ છે. હાલના આ તબક્કે ક્યાં રોકાણ કરવું તે જાણવાનું રોકાણકારો માટે બહુ મુશ્કેલ છે અને હાલના આ તબક્કે બજારમાંથી સીધી ખરીદી કરવા માટે વેલ્યુએશનનો કોઈ સપોર્ટ નથી. તેમજ તાજેતરની તેજીનું એક મુખ્ય કારણ સેબીનો નિર્ણય છે અને ફંડામેન્ટલને કારણે આ ખરીદી આવી ન શકી હતી. સેબીએ ડેરિવેટિવ્ઝ અંગે પરિપત્ર જારી કર્યા બાદ મોટા પાયે શોર્ટ કવરિંગ થયું હતું. જો તમામ શોર્ટનું કવરિંગ થઈ જશે તો કરેકશનના તબક્કા દરમિયાન બજારમાં સ્થિરતા માટે શોર્ટ કવરિંગ બાકી રહેશે નહીં. ફાર્મા શેરોમાં નોંધપાત્ર મૂલ્ય છે. જોકે ટૂંકા ગાળા માટે મુશ્કેલી આવી શકે તેમ છે. આઈટી ક્ષેત્ર પડકારોનો સામનો કરી રહ્યો છે પરંતુ સમગ્ર આઈટી ક્ષેત્ર નીરસ લાગે છે, પરંતુ જો વ્યાજદરમાં ઘટાડો થશે તો આ શેરોમાં ફરી લેવાલી આવી શકે તેમ છે.તેમજ લાંબા ગાળા માટે ભારતના ઈક્વિટી માર્કેટ માટે બુલિશ છીએ, પરંતુ મિડ-કેપ અને સ્મોલ-કેપ કંપનીઓમાં તેજીના પરપોટા અંગે નાના રોકાણકારોને સાવચેત રહેવાની મારી છે.

ખેર, મિત્રો દરેક ઘટાડે તબક્કાવારની ખરીદી અને દરેક ઉછાળે તબક્કાવાર નફો બુક કરતા રહેશો.....!!

યાદ રાખો....તબક્કાવાર નફો બુક કરે એ જ શાણો રોકાણકાર....!!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
મિત્રો, ખેર હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી અંદાજીત ....શેરબજારની રુખ ....!!!!




**નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** નિફ્ટી ફ્યુચર તા. ૧૭/૦૭/૨૦૧૭ ના રોજ ૯૯૨૬ પોઈન્ટ ખુલીને ૯૮૩૨ પોઈન્ટના નીચા મથાળેથી ૯૯૨૯ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૯૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૧૧ પોઈન્ટના ઉછાળે ૯૯૧૧ પોઈન્ટ બંધ થયેલ...!!!




**બેન્ક નિફ્ટી ફ્યુચર ચાર્ટ સંકેત** બેન્ક નિફ્ટી ફ્યુચર તા.૧૭/૦૭/૨૦૧૭ ના રોજ ૨૪૦૨૫ પોઈન્ટ ખુલીને ૨૩૯૨૭ પોઈન્ટના નીચા મથાળેથી ૨૪૨૯૪ પોઈન્ટના ઊચા મથાળે સપાટીને સ્પર્શી સાપ્તાહિક ૩૬૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી સરેરાશ ૨૭૭ પોઈન્ટના ઉછાળે ૨૪૨૫૪ પોઈન્ટ બંધ થયેલ...!!!...!!

### નિફ્ટી ફ્યુચર બંધ (૯૯૧૧)

આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૯૮૩૦ પોઈન્ટના પ્રથમ અને ૯૮૦૮ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૯૯૪૭ પોઈન્ટથી ૯૯૭૦ પોઈન્ટ, ૯૯૯૯ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૯૯૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ (૨૪૨૫૪)

આગામી વધઘટે સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૧૪૦ પોઈન્ટના પ્રથમ અને ૨૪૦૦૪ પોઈન્ટના અતિમહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૪૩૭૦ પોઈન્ટથી ૨૪૪૦૪ પોઈન્ટ, ૨૪૫૦૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૫૦૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

### ફ્યુચર રોકાણ સંદર્ભે સ્ક્રીપો ધ્યાને લઈએ તા

૧) **ACC** લિમિટેડ ( ૧૭૦૩ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૬૪૪ ના પ્રથમ સપોર્ટ થી ખરીદવાલાયક રૂ.૧૭૩૩ થી રૂ.૧૭૫૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે....!!

૨) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ( ૧૫૮૮ ) :- આ સ્ટોક રૂ.૧૫૪૭ નો પ્રથમ તેમજ રૂ.૧૫૧૭ ના બીજો અતિ મહત્વનો સપોર્ટ ધરાવે છે. ફયુચર ટ્રેડીંગ સંદર્ભે ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂ.૧૬૦૮ થી રૂ.૧૬૧૬ સુધી ની તેજી તરફ રીખ નોંધાવશે...!!

૩) યશ બેન્ક ( ૧૫૭૯ ) :- ૩૫૦ શેર નું ફયુચર ધરાવતો આ સ્ટોક રૂ.૧૫૬૦ નો પ્રથમ તેમજ રૂ.૧૫૩૭ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક ફાઈનાન્સ સેક્ટરનો આ સ્ટોક સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી રૂ. ૧૬૦૩ થી રૂ.૧૬૧૬ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા છે....!!

- ૪) લાર્સન લિમિટેડ ( ૧૧૭૯ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૦૩ આસપાસ વેચાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૧૬ ના સ્ટ્રોંગ સપોર્ટથી રૂ.૧૧૬૦ થી રૂ.૧૧૪૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!! રૂ.૧૨૨૩ ઉપર પોઝીટીવ બ્રેકઆઉટ...!!

- ૫) લ્યુપિન લિમિટેડ ( ૧૧૩૫ ) :- રૂ.૧૧૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૧૬ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! ટૂંકાગાળે રૂ.૧૧૧૬ થી રૂ.૧૧૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૧૭૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!

### હવે જોઇએ અંગત અભિપ્રાયરૂપી સાપ્તાહિક ૨૧.૦૭.૨૦૧૭ થી ૨૮.૦૭.૨૦૧૭ સુધી રોકાણ અર્થે સ્ટોક......

૧) બજાજ ઈલેક્ટ્રિકસ ( ૩૩૮ ) :- બજાજ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૩૧૬ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૩૦૯ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૩૫૩ થી રૂ.૩૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૩૭૩ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) મધરસન સુમી ( ૩૨૭ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૩૦૯ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૨૯૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૩૪૬ થી રૂ.૩૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) વિપ્રો લિમિટેડ ( ૨૮૮ ) :- રૂ.૨૭૬ નો પ્રથમ તેમજ રૂ.૨૭૦ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૨૯૯ થી રૂ.૩૦૯ સુધીની તેજી તરફી રુખ નોધાવશે ....!!!

૪) કોલા ઈન્ડિયા ( ૨૬૦ ) :- કોલ સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૨૭૭ થી રૂ.૨૮૬ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૨૩૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) દ્રમ્ઝઝ લિમિટેડ ( ૨૧૭ ) :- રૂ.૨૧૭ નો પ્રથમ તેમજ રૂ.૧૯૬ ના સ્ટોગ સપોર્ટથી ઈન્જીનીયરીંગ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૨૩૪ થી રૂ.૨૫૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) તાતા ગ્લોબલ ( ૧૭૨ ) :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૧૬૦ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઇઝ રોકાણ રૂ.૧૮૩ થી રૂ.૧૯૦ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) ડેલ્ટા કોર્પ ( ૧૭૧ ) :- કોમર્શીયલ સર્વીસ સેક્ટરનો ફન્ડામેન્ટલ આ સ્ટોક ટ્રેડીંગ સંદર્ભે રૂ.૧૫૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક ....!! તેજી તરફી ઉછાળે રૂ.૧૮૩ થી રૂ.૧૯૦ ના ભાવ આસપાસ નફો બુક કરવો....!!

૮) ટોક્યો પ્લાસ્ટ ( ૧૫૭ ) :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૧૩૦ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૭૪ થી રૂ.૧૮૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૯) વેલસ્પન કોર્પ ( ૧૧૬ ) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઈન્જીનીયરીંગ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૦૩ આસપાસ રોકાણકારે રૂ.૧૩૩ થી રૂ.૧૪૦ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૯૩ સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૧૦) **NLC** ઇન્ડિયા ( ૧૧૨ ) :- આ સ્કીપમાં નજીકનો પ્રથમ રૂ.૯૦ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૧૩ થી રૂ.૧૨૦ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

### રોકાણ સંદર્ભે સ્મોલ સેવિંગ્ઝ સ્ક્રીપો ધ્યાને લઈએ તો

૧) **ARCOTECH** લિમિટેડ ( ૯૬ ) :- કોપર સેક્ટરનો આ સ્ટોક ડિલેવરીબેઈઝ રૂ.૧૦૯ થી રૂ.૧૧૬ ના ભાવની સંભાવના ધરાવે છે...!! રૂ.૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

૨) વેલસ્પન ઈન્ડિયા ( ૯૧ ) :- ડિલેવરીબેઈઝ રોકાણકારે ટેક્ષટાઈલ સેક્ટરનાં આ સ્ટોકને રૂ.૮૩ ના અતિ મહત્વના સપોર્ટ થી ખરીદવાલાયક સાપ્તાહિક ટ્રેડિંગ સંદર્ભે રૂ.૧૦૩ થી રૂ.૧૧૨ સુધીની તેજી તરફી રૂખ નોંધાવશે....!!!

૩) શ્રીહરી કેમિકલ્સ ( ૭૧ ) :- રૂ.૬૩ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક ત્રિમાસિક રોકાણ અર્થે ઝડપી ઉછાળાની શક્યતા ધરાવે છે.... રૂ.૫૭ નો સ્ટ્રોંગ સપોર્ટ અતિ જરૂરી.....!!

૪) લાયકા લેબ ( ૫૫ ) :- ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૦ નો પ્રથમ તેમજ રૂ.૪૭ ના સ્ટ્રોંગ સપોર્ટ થી ખરીદવાલાયક મિડિયા સેકટર નો આ સ્ટોક ટુંકાગાળે રૂ. ૬૩ થી રૂ. ૭૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શકયતા...!!

૫) **NTC** ઇન્ડિયા ( ૫૩ ) :- રૂ.૪૪ આસપાસ રોકાણલક્ષી આ સ્ટોક મધ્યગાળે રૂ.૫૮ થી રૂ.૬૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૦ ઉપર તેજી તરફી ધ્યાન.....!!

**બોટમ લાઈન :- નિફ્ટી ફ્યુચર રેન્જ ૯૮૩૦ થી ૯૯૯૯ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

## કેપ્સુલ

ડૉ.દર્દીને તમને ગરમીનો રોગ થયો છે. તમારે ઈંજેકશન અને ગોળીયું લેવી પડશે.

દર્દી: ગોળી ઘેર પડી છે..

ડૉ. શેની ગોળીઘેર પડી છે ?

દર્દી : સાહેબ છાશ કેરવાની..

OO

મજુર : દુધ આપો તે લીટર

દુધવાળો : ભેંસનું આપું કે ગાયનું ?

મજુર : લીટરનો શું ભાવ ?

દુધવાળો : એક જ ભાવ.

મજુર : ગાયનું પાતળું ને ભેંસનું જાડું તોય એક જ ભાવ.

દુધવાળો : ભેંસના દુધમાં પાણી રેડીને પાતળું કરેલ છે.

OOOO

પહેલા ધોરણની બાળકીને શિક્ષિકાબેને પુછયું.

શિક્ષિકાબેન : રેખા મોટામાં મોટી રેખા કઈ ?

રેખા :બેન સાતમા ધોરણમાં ભણે તે.

OOO

રવિને કવિ બેય મિત્રો ગુરૂ દત્તાત્રેયનાં દર્શન કરીને પથરા ઉપર બેઠા હતા. (છેલ્લી ટુંક માથે)

રવિ : પથરાથી કાહું શું આવે ?

કવિ : અહીંથી છેલ્લે પગથિયે થવાનું..

**- ભગતરાજા રામ લવજી શ્રી સત પરિવાર સતસંગ મંડળ અબાસણા**

OOOOOOOO

# આપણે મહાન કે દેશ ?

**કંઈક નરમ કંઈક ગરમ** — **રેણુ વિષ્ણુકુમાર બારોટ**

આપણે મહાન છીએ એ બાબત હું અગાઉ બતાવી ચુકયો છું.. અને પછી દે ઠોક તાલી એવું કહી ગયો છું.. પણ એક ખણખોદીલા માણસથી રહેવાયું નહીં. મને રાત્રે સાડા અગિયાર વાગે ફોન કરીને પુછયું, રાત્રે સાડા અગિયારે ફોનની ઘંટડી રણકી. એટલે થયું.. કોઈક નક્કી ટપકી ગયું.. કાલે રવિવારની રજા છે પણ સવારના પહોરમાં ધોળાં કપડાં પહેરીને રામ બોલો ભાઈ રામમાં જવું પડશે.. કયાંક પિયરનું પતી ગયું હશે કયાંય પછી સાસરીનું..

હું ગડમથલમાં હતો, ફોન ઉપાડતો ન હતો.. ત્યાં જ પડાવે બેઠેલી અને ટીવીની સીરીયલ દર્શનમાં ડુબેલી શ્રીમતી રેણુએ કહ્યું, ફોન તો ઉપાડો.. રાત્રે સાડા અગિયાર વાગે કોઈ ઉઘરાણીવાળો નહીં હોય.. એના શબ્દો સાંભળી મને મારી મહાનતા પર શંકા જાગી.. જોકે રીંગ તો રણકતી જ હતી.. મેં ઉઠાવ્યો.. એલાવ.. મારી ભાવાકીય ક્ષમતા કાચી હોઈ હેલ્લોને બદલ એલાવ કહી ઉઠયો..

સાહેબ.. મેં સાંભળ્યું એ સાથે જાણે કે મને હરખની હેલી ચડી.. કોઈકને કોઈક સાહેબ કહે ત્યારે એવો હરખ જાગે છે કે જાણે હડી કરીને સીધો જ દિલ્હી ખાતે આવેલા કુતુબમિનાર પર ચઢી જાઉં.. પણ ખેર કુતુબમિનાર પર સીધા ચઢાતું નથી એ બે નંબરની વાત છે... મને સાહેબ કહ્યો અને મને અતિશય આનંદ થયો.. સાથે સાથે લાગ્યું કે, ના પિયરમાં કે ના સાસરામાં ઉકલી ગયું છે. વળી કાલે રવિવારે સવારે સફેદ કપડામાં મારે ભાઈ રામ પણ કરવા જવાનું નથી..

સાહેબ આપનો લેખ આપણે મહાન છીએ એ વાંચી ગયો છું..

ગુડ.. રાત્રે સાડા અગિયાર વાગે આપ ફોન કર્યો છે.. આ જાણીને મને ખુબ આનંદ થયો છે. કહો.. મેં કહ્યું..

આપણા લેખમાં આપે જણાવ્યું નથી કે આ દેશમાં મહાન કોણ ?પ્રજા કે દેશ ? સામેથી પ્રશ્ન પુછાયો મને જાણે કે એવો એક અનુભવ થયો કે કોઈકે કચકચાવીને ઝડપાવી દીધી છે.

ત્યાં તો પત્નીએ વગર સમજ વચ્ચે ડપકો મુકતાં કહી દીધું, કહી દો કે હમણાં નાણાંકીય તંગી ચાલી રહી છે. સગવડથશે એટલે હપ્તે હપ્તે આપી જઈશ.. ફોન કયો હતો ને પત્ની શું સમજી .. હું પણ નક્કી ન કરી શકયો કે અમારા બંનેમાં મહાન કોણ છે ?

જોકે મારી પત્ની તો જ્યાં જયાં મોક્ષે અવકાશ મળે છે કે હું મહાન છું ના નગારાં વગાડે છે. એ ટાણે મારે નરી ખામોશી ધારણ કરવી પડે છે. એ પણ નક્કી જ છે કે દરેક પુરૂષની પત્ની મહાન જ હોય છે. એ કયા ક્ષેત્રમાં એ બે નંબરની વાત છે.

મેં કહ્યું, સવારે જણાવીશ.. અને ફોન કટ કરી નાખ્યો. પાછી શ્રીમતી બોલી ઉઠી, મને તમારૂં લોચાળું કામ પસંદ નથી. એને સીધી રીતે કહી ન દેવાય કે હમણાં કોઈ સગવડ નથી. મને તમારા ભુગળ લફફા જરાય ગમતું નથી.

વાત કયાં હતી ને શ્રીમતી કયાં લઈ ગઈ ? મને દે બે તાલી મારવાની ઈચ્છા થઈ આવી.પણ બીજે કયાંક બીજે પડી જાય તો.. હું સાવધાન થઈ ગયો..

રાત્રીના બાર વાગ્યા.. એ તો નસકોરાં ખરડ ભરડ કરતી પડખું ફેરવી સુઈ ગઈ. હું વિચારોના ઝોબે ચડી ગયો.સાચે જ આ દેશમાં મહાન કોણ ? દેશ કે પ્રજા ? પ્રજાને મહાન ગણવી કે દેશને ?

ખરેખર વિચારો ઉભા થઈ ગયા.દેશનું છોડો એ પહેલાં જરા વિચારી લો.. કાશ્મીરથી કન્યાકુમારી અને આસામથી દ્વારકા સુધી મહાન મહાન.. અને મહાનતા નારા છાશવારે કયાંક રોજ ગુંજે છે.. અને આપણને સંભળાય છે..પણ વિશ્વમાં અમેરીકાના રાષ્ટ્ર પ્રમુખ કે રશિયાના રાષ્ટ્રપતિએ સજ્જનો આપણને મહાન કહેતા નથી અરે પાડોશી શ્રીલંકા અને પાડોશી પાકિસ્તાન તો ભુલથીય મહાન કહેતા નથી. તાજેતરમાં બાંગ્લાદેશને ગાંઠનું ગોપીચંદન ખોઈ રોકડા આપી આવ્યા છતાં બાંગ્લાદેશના એ સત્તાવાળાઓ ભારતને મહાન કહેતાંય કતરાય છે. આ તો વિશ્વના અન્ય દેશોની વાતો છે. જોકે ગુજરાતીમાં અને અન્ય બધી ભાષામાં એક સનાતન વાકય છે. કોઈની પરવા ન કરો. અરે કોઈ શું કહે છે ી માને છે એ તરફ ના જુઓ..

આપણે મહાન છીએ.. ફરી પાછો એ જ સવાલ મારી સામે.. એ બાબત આવી ગઈ છે. કોને મહાન ગણવા.. કહેવા.. કારણ કે સવારે પાછો એ ભાઈનો ફોન આવશે.. પત્ની સમજશે કે મેં ઉધારી કરી છે અને લેણદાર આદુ ખાઈને પાછળ પડી ગયો છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# કેવા ગ્રહો રાજયોગને ભંગ કરે ?




સગા દીઠા મેં સાહ આલમના.. દરેક વ્યકિત જન્મથી સુખી કે દુઃખી હોતી નથી. સુખ દુઃખ તો જીવનમાં ચાલ્યા જ કરે છે. ગમે તેવાં ભાગ્ય હીન હોય કે ભાગ્યશાળી પણ વ્યકિતનું કર્મ તેને લાભાલાભ આપતા હોય છે. શાસ્ત્રો અને ઋષીમુનીઓનું પણ એ જ કહેવું છે કે ધર્મ, કર્મ, દાન, દયા રાખવી કરવી તેનાથી મોટો દોષોનો પણ નાશથતો હોય છે. પણ જેના કર્મો જ સારા ન હોય તો શું ?

કેવા ગ્રહો રાજયોગને નષ્ટ કરનાર બને છે ?

જે જાતકની જન્મકુંડળીમાં કેન્દ્ર સ્થાનો ૧,૪,૭ અને ૧૦ મો ભાવ માં અસ્તના ગ્રહો કે નીચના ગ્રહો હોય તો તે રાજયોગને ભંગ કરનાર બને છે. **દ્રષ્ટાંતકુંડળી:** અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં સાતમા ભાવમાં મંગળથી રૂચક યોગ બને છે જે રાજયોગ બને છે તો અગ્યારમા ભાવમાં ગજકેસરી યોગ બને છે. જે રાજયોગને નષ્ટ કરે છે.

ઉપાય : આવી વ્યકિતએ સૂર્ય અથવા મંગળનાં અને શનીના જાપ કરવાથી લાભ રહે છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા (મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# પોલીસ નકલી પણ ધંધો અસલી...

**દેખ કબીરા** — **હંસામૃત વાલમીયા**

આપણા ત્યાં અનેક પ્રકારનાં રેકેટ સમયાંતરે જોવા મળે છે એ આપણું સદ્ભાગ્ય અને કાનુનનું દુર્ભાગ્ય છે. કેટલીક જગ્યાએ સેકસ રેકેટ પકડાય છે તો કેટલીક જગ્યાએ બેનંબરી મિલ્કત પકડાય છે. કેટલીક જગ્યાએ રૂપજીવીનીઓ પકડાય છે કેટલીક જગ્યાએ દારૂના ધંધાનું રેકેટ પકડાય છે તો વળી કેટલીક જગ્યાએ કરચોરીનું રેકેટ પકડાય છે. કેટલીક જગ્યાએ ટ્રાફીકના રેકેટ પકડાય, કેટલીક જગ્યાએ માર્કશીટના ગુણ વધારાના રેકેટ પકડાય છે તો કેટલીક જગ્યાએ ખોટા પ્રમાણપત્રો વેચી નોકરીઓમાં ઘુસાડી દેવાના રેકેટ પકડાય છે. આ અત્ર,તત્ર, સર્વત્ર એકમાત્ર રેકેટ એક સર્વોપરી સર્વગુણ સંપન્ન હોય તેવું ફીલ થાય છે.

વાહનો રોકવાનો અને એ પણ મોટા હાઈવે ઉપર પરપ્રાંતિય વાહનો નકલી પોલીસના સ્વાંગમાં એક અસલી દંડો અને યુનિફોર્મ પહેરીને વ્હીસલ વગાડી રંગ જમાવે, રોફ બનાવે અને પેલા બિચારા પરપ્રાંતના એ ડ્રાઈવરો આપણા માન ખાતર ગાડીઓ ઉભી રાખે અને લાયસન્સ, માલનાં ચલણ, વજનકાંટાના કાગળો તેમજ છેલ્લે છેલ્લે એમનાં ખિસ્સાં પણ તપાસી લે અને એક મોટી રોકડી કરી લે.. દેખ કબીરા...

ગેરકાયદે મેમો બનાવવાની બબ્બે ડાયરીઓ લોકો રાખે છે. પરપ્રાંતના ડ્રાઈવરોને સવારના બારથી માંડી રાતના અગિયાર સુધી કે બારેક વાગ્યા સુધી પોલીસના સ્વાંગ કરેલા અને તેમના મળતીયાઓ મોટી ફોર વ્હીલર કે તેથી મોટી આઠ કે બાર વ્હિલર ટ્રકોને દંડાના જોરે ઉભી રાખી મોં માગી દંડની રકમ લઈ લેવી.. દેખ કબીરા આ એક આયોજનપૂર્વકનું અસલી પોલીસના ધંધા ઉપર તેના પેટ ઉપર લાત મારવા જેવું રેકેટ છે..

દેખ કબીરા બિચારા પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને સાઉથમાંથી આવનારા ડ્રાઈવરોને ડીલ આપી તેમની પાસેથી પૈસા પડાવવાનું આ રેકેટ ધમધોકાર ચાલતું હોય છે અને આપણે એવું ઈચ્છીએ કે તેમને ખુદા ખૈર કરે..

દેખ કબીરા પૈસો જેના માટે પરમેશ્વર છે એવા અનેક નામી-અનામી નોકરીવાળા તેમજ નિવૃત્ત ટ્રાફિક કર્મીઓ અને તેમના લાગતા વળગતાઓનું આ એક રેકેટ.. એ તમામ રેકેટ કરતાં મોટા ગજાનું રેકેટ છે. છતાં ઉપરી અધિકારીઓ ભગવદ્ ગીતાના દ્રષ્ટા બની જોયા કરે છે એ કેટલે સુધી યોગ્ય છે ?

ઉચ્ચ અધિકારી પગારના ટોપલા ખુબ ટેસથી લે છે એવા અધિકારીઓ આવા કોઈ ગુનેગારો માટે તપાસ કરવા નીકળવાની તસ્દી પણ લેતા નથી એ શું બતાવે છે ? તેરી ભી ચુપ, મેરી ભી ચુપ.. અપની મીલીભગત ઐસી હી.. ચલતી રહે.. મેરા ભારત મહાન ઉક્તિ ફીરતી રહે..

પીસીઆર વાનો પણ કેટલીક જગ્યાએ પ્રજાની શાંતિ અને સલામતી અર્થે ભ્રમણ કરવાની નેમ લઈને શહેરમાં ચારેકોર ઘુમતી રહે છે... પીસીઆર વાનના કર્મીઓ પણ આવી ચેકીંગ કરવાની પદ્ધતિ અપનાવે છે.. જ્યાં ઉચ્ચ અધિકારીઓની સામે કોઈ ફરીયાદ કરે ત્યારે તેઓ ફરીયાદ સાંભળવા પણ તૈયાર નથી.. અધિકારીઓ બિન્દાસ અને પેલી નકલી પોલીસને શાબાશનો ઈલ્કાબ આપવો જોઈએ.

દેખ કબીરા ટ્રાફીક સમસ્યા ઉકેલવા માટે પોલીસ ડીપાર્ટમેન્ટમાં નવી હંગામી અને આઉટ સોર્સીંગ ભરતીઓ કરવામાં આવે છે. છતાં ટ્રાફીકના પ્રશ્નો ઠેરના ઠેર રહે છે. શહેરમાં અને મોટા હાઈવે રોડ ઉપર આવી અક્ષમ્ય બેદરકારીથી ટ્રાફીકની સમસ્યા અનેક ઘણી વધતી જાય છે અને પ્રજા પરેશાન થતી જાય છે. એવા સંજોગોમાં આવા નકલી પોલીસના ધંધા ઉપર સખ્તાઈથી કામ લેવું એ જ સમસ્યાનું સોલ્યુશન છે. વિચાર મારો છે નિર્ણય આપ સૌનો ગુજરાતની પ્રજાનો.. દેખ કબીરા..

**બી.પાટણવાડીયા મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# ચોરનો મુકાબલો કરી મોબાઈલ બચાવ્યો

**એનું નામ છે જીવન** — **નટવર હેડાઉ**

જોયેના ચાલ આપણે બહાર ફરવા જવાનું છે.. તૈયાર થઈ જા.. છત્તીસગઢ રાજયમાંથી માતા પિતા સાથે દિલ્હી ફરવા આવેલ દશ વર્ષની જોયેનાને તેની મમ્મી કહી રહી હતી પણ જોયેના તો હોટલની બારીમાંથી રોડ ઉપરનો ટ્રાફિક જોઈ રહી હતી. તે દરમ્યાન ઓરડામાં તેના પપ્પા આવ્યા.

'જોયેના તારે દિલ્હી જોવા આવવું છે ને ?'

હા પપ્પા પણ જુઓને.. અહીં કેટલાં બધાં વાહનો છે.. જોયેનાએ કહ્યું.

હાં બેટા.. દિલ્હી દેશની રાજધાની છે. તેથી આપણા દેશના જુદા જુદા રાજયોમાંથી અને વિદેશોમાંથી પણ અનેક લોકો અહીં આવે છે..' જોયેનાના પપ્પા બોલ્યા..

'હવે બાપ દિકરી વાતો કર્યા કરશો કે તૈયાર થઈ બહાર નીકળશો.. લ્યો આ તમારો મોબાઈલ ચાર્જ થઈ ગય છે.જોયેનાની મમ્મી બોલી..

'એ તો જોયેના જિજ્ઞાસાપુર્વક બારીમાંથી જોતી હતી અને તેણે પુછયું કે આટલો બધો ટ્રાફિક અહીં કેમ છે એટલે હું તેની સાથે વાત કરતો હતો. જોયેનાના પપ્પાએ ચોખવટ કરી. જોયેનાની મમ્મીએ તેને કપડાં બદલવા આપ્યા. જોયેના બાથરૂમમાં જઈ ફ્રેશ થઈ નવાં કપડાં પહેરીને બહાર આવી. તે હોટલના ઓરડાને લોક કરી ત્રણે જણા હોટલની બહાર આવ્યાં.

સાંજ ઢળી રહી હતી. નોકરી અને કામધંધાર્થે પાછા ઘર તરફ ફરી રહેલાં લોકોને કારણે રસ્તા પર ખુબ જ ટ્રાફિક હતો. જોએના અને તેના માતા પિતા ફુટપાથ પર ચાલતા હતા. જોયેના કુતુહલથી આજુબાજુ જોતી હતી. ઈલેકટ્રોનિક સામાન, મીઠાઈ અને ફરસાણની દુકાનો, સૌંદર્ય પ્રસાધનો અને રેડીમેઈડ કપડાંની દુકાનો એ બધું જોતાં જોતાં તેઓ આગળ વધતા હતા. સાંજનો સમય હોવાથી ફુટપાથ પર ચાલનાર લોકોની પણ ઘણી ભીડ જણાતી હતી. નોકરી પરથી છુટેલી અને ઘર તરફ ભાગી રહેલ રઘવાયા લોકો, રાતપાળીના કામ માટે જતાં લોકો ફરવા અને ખરીદી કરવા નીકળેલ લોકોને કારણે જાણે કે માનવ મહેરામણ ઉમટયો હોય એવું લાગતું હતું. તે દરમ્યાન જોયેનાના પિતાના મોબાઈલ પર ફોન આવ્યો. તેમણે ફોન ખિસ્સામાંથી કાઢયો અને વાત કરવા લાગ્યા. ત્યાં અચાનક એક જુવાન છોકરો તેમની નજીકમાં આવ્યો અને મોબાઈલ ફોન પર ઝપટ મારી ફોન લઈ ભાગ્યો. જોયેના પણ આ જોઈને વાહનોની વચ્ચે થઈને તેની પાછળ પડી ૨૭ મી નવે. ૨૦૧૪ નો દિવસ હતો.

ચોર આગળ અને જોયેના પાછળ છત્તીસગઢના ગામડાંની આ છોકરી કંઈ તેને ભાગવા દે તેમ ન હતી. ચોરની નજીક પહોંચતાં જોયેનાએ ચોરના પગમાં આંટી મારી તેને પાડી નાખ્યો અને ચોર..ચોર.. પકડો.. એમ મદદ માટે બુમો પાડવા લાગી.

એટલામાં તેના પિતા અને અન્ય લોકો પહોંચી ગયા પણ ચોરે તેમને છરી બતાવતો હતો.

મારા પપ્પાનો મોબાઈલ પાછો આપી દો..જોયેનાએ જુસ્સા અને ગુસ્સાપુર્વક કહ્યું.

લે. એમ કહેતાં તેણે જોયેનાની સામે મોબાઈલનું કવર ફેંકયું.. તે બધાની આંખમાં ધુળ નાખવા ગયો. પણ જોયેનાએ બુમો પાડવાનું ચાલુ જ રાખ્યું.. અને ચોર પાસેથી મોબાઈલ લઈને જ રહી.

બહાદુર દિકરી જોયેના ચક્રવર્તીએ પિતા માટે ચોરનો મુકાબલો કર્યો. તેની હિંમતને દાદ આપવી પડે.

જોયેનાને તેના આ સાહસિક અને બહાદુરીભર્યા કામ માટે રાષ્ટ્રીય કક્ષાએ સન્માનવાનું રાષ્ટ્રીય બાલ કલ્યાણ અંગેની ભારતીય સમિતિ એટલે કે ઈન્ડિયન કાઉન્સીલ ફોર ચાઈલ્ડ વેલ્ફેર આઈસીસી ડબલ્યુ દ્વારા નક્કી થયું. તે અનુસાર ૨૪ જાન્યુઆરી ૨૦૧૬ ના દિવસે દિલ્હી ખાતે જ દેશના વડાપ્રધાનના હસ્તે બહાદુર દિકરી જોયેના ચક્રવર્તીને 'રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર' થી સન્માનીત કરવામાં આવી.

જોયેના તે ફરી એક વખત દિલ્હી જોવા આવવા મળ્યું હતું. આ વખતે તેનાં માનપાન વધી ગયા હતા. દેશનાં બીજા બહાદુર બાળકોની સાથે ૨૬ મી જાન્યુઆરીએ રાજપથ પર હાથીની અંબાડી પર સવાર થઈ જોયેના આશ્ચર્યથી રાજધાનીનો નજારો જોતી હતી. તેને અત્યારે ફરી એકવાર ચોરવાળો બની ગયેલો પ્રસંગ યાદ આવી રહ્યો હતો..

**નટવર હેડાઉ**

# નિખિલની ફિલ્મમાં રાધિકા આપ્ટે જોરદાર રોલમાં હશે

બોલિવુડમાં હોટ અને બોલ્ડ સ્ટાર તરીકે ઉભરેલી રાધિકા આપ્ટે નવી ફિલ્મમાં હવે એક હોટ, સેક્સી, મહત્વકાંક્ષી ફાયનાન્સિયલ યુવતિની ભૂમિકા અદા કરનાર છે. નવી ફિલ્મમાં તે નવા જ અવતારમાં ચાહકોની વચ્ચે આવનાર છે. નિખિલ અડવાણી બજાર નામની ફિલ્મ બનાવી રહ્યા છે. આ ફિલ્મમાં રાધિકાની સાથે સાથે સેફ અલી ખાન અને રાકેશ મહેરાની ભૂમિકા રહેલી છે. નિખિલ અડવાણીની ફિલ્મમાં સેફ અલી ખાનની શાનદાર ભૂમિકા જોવા મળનાર છે. તે બિઝનેસ કારોબારી તરીકે ફિલ્મમાં રહેશે. આ ફિલ્મની સાથે જ વિનોદ મહેરાના પુત્ર રોહન મહેરા બોલિવુડમાં એન્ટ્રી કરનાર છે. તે હાલમાં આ ફિલ્મ માટે મુંબઈમાં શુટિંગ કરી રહી છે. અડવાણીએ માહિતી આપતા કહ્યુ છે કે ફિલ્મ સાથે રોહન મહેરાની બોલિવુડમાં એન્ટ્રી થઈ રહી છે. ચોકલેટ બોય સ્ટાર પુત્ર રોહનની એન્ટ્રીને લઈને પણ ભારે ઉત્સુકતા છે. રોહનની સાથે સાથે એક મજબુત અભિનેતાની ફિલ્મમાં જરૂર હતી. જે હવે સેફ અલી ખાન જરૂરીયાત પૂર્ણ કરી રહ્યો છે. ફિલ્મોમાં જુદા જુદા રોલ કરવા માટે જાણીતી રહેલી રાધિકાએ કહ્યુ છે કે સેફ અને રોહન જેવા કલાકારો સાથે કામ કરીને તે ભારે ખુશ છે. તે ફિલ્મમાં મુંબઈની એક યુવતિ તરીકેની ભૂમિકા અદા કરી રહી છે. સ્ટોક માર્કેટ અંગે આ ફિલ્મ તૈયાર કરવામાં આવી રહી છે. અગાઉની ફિલ્મોમાં જે પ્રકારની ભૂમિકા અદા કરી છે તેના કરતા આ રોલ અલગ છે. આર બાલકીની ફિલ્મ પેડમેનમાં તે અક્ષય કુમારની સાથે કામ કરી રહી છે. પેડમેનમાં રાધિકા તેના હિસ્સાનુ શુટિંગ પૂર્ણ કરી ચુકી છે. હવે તે બજાર ફિલ્મમાં પોતાનુ સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. વિતેલા વર્ષોમાં વિનોદ મહેરાએ પણ કેટલીક ફિલ્મો કરી હતી. તે વિતેલા વર્ષોમાં સુપરસ્ટાર અભિનેતા પૈકી એક તરીકે રહ્યો હતો. વિનોદ મહેરાએ ઘર જેવી યાદગાર ફિલ્મોમાં કામ કરીને પોતાની કુશળતા સાબિત કરી હતી.

# ભારત વિરૂધ્ધ ઝેર ઓકવાનું ચીની મીડીયાએ બંધ કરવુ ંજોઈએ

**દ્રષ્ટીકોણ** — **ચંદ્રશેખર ત્રિવેદી**

ચીનનો ઉગ્ર વિરોધ છતાં ભારત-અમેરીકા અને જાપાનના નૌકાદળોએ ગત સોમવારથી મલવાર નજીકની ખાડીમાં સંયુકત યુદ્ધ અભ્યાસ શરૂ કરેલ છે. આકવાયત દ્વારા અમેરીમાએ સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે હિંદ મહાસાગરમાં બેઈજીંગની વધતી દાદાગીરી સામે અમારો દેશ ભારતની પડખે છે.

૧૧ મા યુએસ.સ્ટ્રાબક ગ્રુપના કમાન્ડર એડમીરલ વિલીયમ્સ ડી.લાયને જણાવેલ કે મલવારની કવાયત દ્વારા અમે વિશ્વના તમામે તમામ નૌકાદળોને વ્યુહાત્મક સંદેશો આપી દીધો છે કે ભારત-અમેરીકા અને જાપાન એક જુથ છે. આ કવાયતની ચીન પર ગંભીર અસર થશે. ચીન સમજી જશે કે અમે એક જુથ છીએ અને ત્રણ દેશો એકજુથ રહે તે સારૂં છે.જોકે ચીન આ કવાયતની જાસુસી કરી રહ્યો હોવાની સંભાવનાને ભારત અને અમેરીકાના કમાન્ડરોએ નકારી કાઢી છે.

દરમિયાન સિક્કીમમાં ચીન સાથેના ગતરોજ મધ્યે ભારતીય સેનાના ઈસ્ટર્ન કમાન્ડના નવા વડાની નિયુક્તિ થઈ શકે છે. સાઉથ વેસ્ટર્ન આર્મી કમાન્ડર લે.જનરલ અતીવ કૃષ્ણાને ઈસ્ટર્ન કમાન્ડના નવા વડા બનાવવામાં આવે તેવી સંભાવના છે.

ભારત-અમેરીકા અને જાપાન દ્વારા જે સંયુકત યુદ્ધ અભ્યાસ શરૂ થયો છે તેથી ચીન અંદરોઅંદર ધુંવાપુંવા થઈ ચુકયું છે. ચીનને પ્રત્યેક બાબતે ડખલગીરી કરવા જોઈએ છે. ભારત અને અમેરીમા વચ્ચે જે ગાઢ સંબંધો છે તે પણ ચીનને પસંદ નથી. જોકે ભારતીય નેતાગણના રાષ્ટ્રીય સંબંધો બાબતે જે સિદ્ધાંતો છે તેમાં કોઈ ફેરફાર થવાની શકયતા જણાતી નથી. ભારત માને છે રાષ્ટ્ર-રાષ્ટ્ર સાથેના સંબંધોમાં કોઈ ફેરફાર થવો જોઈએ નહીં.

એક મહીનાથી ચાલી રહેલા સરહદી વિવાદમાં ભારત કે ચીન બંને રાષ્ટ્રો પીછેહઠ કરવાના મુડમાં નથી ત્યારે હવે બંને દેશના સ્થાનિક કમાન્ડરો વચ્ચે ફલેગ મીટીંગનો કોઈ અર્થ રહ્યો નથી. આ વિસ્તારમાં રહેલા તમામ સૈનિક સંસ્થાનો પણ હાઈ એલર્ટ પર હોવાનું કહેવાય છે. ભારતે જે આક્રમક વલણ અપનાવ્યું છે તેનાથી ચીન લાલઘુમ બની ગયું છે પરંતુ સુરક્ષા સંબંધે હવે ભારત કયારેય પીછેહઠ કરે તેમ નથી.

ગંગટોક સ્થિત ૧૭ મી ડીવીઝન, કાલીમ્બોજીયા ૨૭ મી ડીવીઝન અને બિન્ના ગૌરીમાં ૨૦ મી ડીવીઝન કોઈપણ સ્થિતિ માટે સંપૂર્ણ સજજ હોવાનું સંરક્ષણ વિભાગનું કહેવું છે. પ્રત્યેક ડીવીઝનમાં ૧૦ હજાર સૈનિકો હોય છે. ઉત્તર અને પુર્વ સિક્કીમમાં ૬૦૦૦ સૈનિકો સાથે ૬૩ અને ૧૧૮ મી બ્રીગેડ તૈયાર છે.**અનુસંધાન પાના નં.૬** ઉપર

**ચીન અને પાકિસ્તાનની તમામ વ્યુહરચનાથી ભારત અને અમેરીકા વાકેફ છે**

# શું પ્રાણી પંખીઓ મનુષ્યની જેમ રંગ

**અજબ ગજબની દુનિયા** — **કમલેશ કંસારા**

### પૃથ્વી પર મલ્ટિ કલરનું કુદરતી સ્વરૂપ

સંસારમાં સૌથી વધુ ખીલેલી રંગ દ્દષ્ટિ અર્થાત કલર વિઝન એક માત્ર મનુષ્ય નામના પ્રાણીને જ પ્રાપ્ત થયેલ છે. પ્રકાશની માત્ર સંતોષકારક હોય અને માનવીની આંખો સાજીનરવી હોય તો એક વ્યકિત સરેરાશ ૧,૦૦,૦,૦૦૦ પ્રકારના રંગોને પારખી શકે છે. દરેક રંગનું જે તે નામ કહી બતાવવાનું કે તેનું વર્ણન કરવાનું કદાચ શકય ન બને, તેમ છતાં બે રંગો વચ્ચેનો ભેદ તે દર્શાવી શકે છે. રંગોની છાંટ પ્રમાણે જોતા એની કુલ સંખ્યા લગભગ ૧૭,૦૦,૦,૦૦૦ જેટલી છે. માટ્ સરવાળે તો વ્યકિત પણ ૫.૮૮% કરતા વધુ જાતના રંગોને ઓળખી શકતો નથી. જોવા બેસીએ તો આંક એક કરોડ આંક કાંઈ સામાન્ય નથી.

ઉત્ક્રાંતિએ મનુષ્યને આટલી સુક્ષ્મગ્રાહી રંગદ્દષ્ટિ કયા હેતુસર આપી છે? આ સૃષ્ટિની ઉત્ક્રાંતિની સીડી પર મનુષ્યનું સ્થાન ટોચ લેવલે છે.

મનુષ્યને ખોરાક શોધવા ઉપરાંત બીજી અનેક બાબતો માટે રંગપરખની જરૂર પડે છે. આ બુધ્ધિમત્તા પર આધારિત જીવન શૈલીનો એક ભાગ ગણાય છે. દા.ત. સબળ અને સંવેદનશીલ રંગદ્રષ્ટિ વિના જુદા જુદા ખનીજો વચ્ચેનો ભેદ પારખી શકાતો નથી. તથા જાતજાતના રાસાયણિક ગુણધર્મોની વનસ્પતિના પ્રકારોને ઓળખી શકાતા નથી.

સિંહ, વાઘ, માછલા, અજગર, મધમાખી, વાંદરા અને બીજા મનુષ્યેતર સજીવો સાધારણ રીતે પોતાનો ખોરાક મેળવવાની ઓ વંશવેલો આગળ ચલાવવાની ફિરાકમાં પોતાનું જીવન પસાર કરે છે. આ કાર્ય માટે તેમણે વર્ણપટના બધા જ રંગોને ઓળખવાની જરૂર હોતી નથી. માનવ આંખના નેત્રપટલ રેટીના પર રંગ પારખુ ચેતકોષો લગભગ ૭,૦૦,૦,૦૦૦ જેટલા આવેલા છે. નેત્ર વિજ્ઞાની ભાષામાં કહેવાતા એ કોષો પૈકી 'ભુરા' રંગના કોષો ૪૨૦ નાનો મીટરના 'લીલા' કોષો ૫૬૪ નાનો મીટરના અને 'લાલ' કોષો ૫૬૩ નાનો મીટરના પ્રકાશમોજાં પ્રત્યે અત્યંત સંવેદનશીલ હોય છે. પ્રકાશમોજા ની તીવ્રતા મુજબ ઓછા કે વધુ અંશે ઉત્તેજિત થતા એ કોષો ત્રણેય રંગોના વિધુત સિગ્નલોને મગજ તરફ પહોંચાડે છે. જયાં ત્રણેય રંગોની મિલાવટથી મલ્ટી કલર દૃશ્ય રચાય છે. પ્રાણીઓ પક્ષીઓના નેત્રપટલ પર આટલા બધા કોષોની જમાવટ હોતી નથી. માટે તેમની રંગદષ્ટિ બહુ ખીલી હોતી નથી. અર્થાત એવું કહેવાય કે તેઓ કોઈ પણ રંગ પારખી શકતા નથી.

ઉદાહરણ સ્વરૂપે હમિંગ બર્ડન આંખો લાલ રંગ પ્રત્યે બહુ સેન્સિટીવ હોય છે. અને બીજા રંગોને પારખવામાં તેની આંખો કાચી હોય છે. સિંહ તથા આખલાને લાલ રંગનું વસ્ત્ર ગેવા કલરનું દેખાય છે. કુતરો ભુરા અને લીલા રંગના વચ્ચેનો તફાવત જાણી શકે છે. પરંતુ લીલા ઓ લાલ રંગને ઓળખવામાં થાપ ખાય છે. કીડી માટે લાલ રંગ એ કાળા રંગ સમાન હોય છે. પ્રેયરી ડોગ નામનું ખિસકોલી કુળનું પ્રાણી લાલ રંગને લીલો રંગ સમજી બેસે છે. માખીના નેત્રપટલ પર સરેરાશ દર ૭ કોષો પૈકી ૫ કોષો લીલા રંગને પારખી શકે છે. જયારે ૧ કોષ ભુરા અને ૧ કોષ

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**ડીસાના ...**

**પાના નં.૧ ચાલુ**

મંદીનો માર સહન કરી રહેલા બટાટાના ખેડૂતો તેમજ વેપારીઓને રાજ્ય સરકાર દ્વારા રાજ્ય બહાર બટાટાની નિકાસ માટે ટ્રાન્સપોર્ટ સબસીડી જાહેર કરવામાં આવી છે. જેથી ખેડૂતો તેમજ વેપારીઓએ શનિવારે માલગાડી મારફત ૪૨ હજાર કટ્ટા તામિલનાડુ રવાના કરાતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળશે.

આ અંગે ડીસા માર્કેટયાર્ડના ઈન્ચાર્જ સેક્રેટરી એ.એન.જોષીએ જણાવ્યું હતું કે, ખેડૂતો તેમજ વેપારીઓને રાજ્ય બહાર બટાટાની નિકાસ માટે ૧૦ ટનનો ટ્રાન્સપોર્ટ ખર્ચ અંદાજીત રૂા.૪૭ હજાર જેટલો થતો હતો પરંતુ રાજ્ય સરકાર દ્વારા રાજ્ય બહાર બટાટાની નિકાસ માટે ટ્રાન્સપોર્ટ સબસીડી જાહેર કરતાં રેલવેમાં ૧૦ ટન બટાટાનું ભાડુ માત્ર રૂા.૧૧,૨૫૦ થાય છે. જેથી ખેડૂતોને મોટો ફાયદો થશે.

**ડીસા - પાલનપુર...**

**પાના નં.૧ ચાલુ**

વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

જાણવા મળતી વિગતો અનુસાર ગતરોજ ડીસા - પાલનપુર હાઈ-વે પર એક હીટ એન્ડ રનના બનાવમાં કોઈ અજાણ્યા વાહનની ટક્કરથી વનરાજજી દેલવાડીયા નામના ઈસમનું ઘટના સ્થળે મોત થયું હતું. મૃતકની લાશને પી.એમ.અર્થે ડીસા સિવીલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

અકસ્માતમાં એક બાળકના પિતાનું અકાળે મોત થતાં પરિવારજનોમાં શોકનો માહોલ સર્જાયો હતો.

**નાંણીના ...**

**પાના નં.૧ ચાલુ**

પ્રાથમિક શાળામાં આશરો આપ્યો હતો જોકે તેમની ઘરવખરીને વ્યાપક નુકશાન થયું હતું. જ્યારે ૩ થી ૪ મકાનો પણ પડી ગયા હતા. સતત વરસાદથી ગામમાં ચોમેર પાણી - પાણી થઈ ગયું હતું. જેના કારણે ગામમાં જવું મુશ્કેલ થઈ પડ્યું હતું. તેથી વહીવટી તંત્રની ટીમ ગામમં જઈ શકી ન હતી પરંતુ અમારા રીપોર્ટર ભરત સુંદેશાએ ટ્રેક્ટરમાં જઈ પ્રકોપની જાત માહિતી મેળવી હતી. જેમાં અસર - ગ્રસ્ત પરિવારોએ જણાવ્યું હતું કે ૨૦૧૫ માં વ્યાપક નુકશાન છતાં તંત્ર દ્વારા હજુ સુધી વળતર ચૂકવાયું નથી જ્યારે આ વખતે તો ગામમાં આવવાની પણ તસ્દી લીધી નથી તેવો બળાપો ઠાલવ્યો હતો.

સરપંચ પરબતભાઈ દેસાઈએ જણાવ્યું હતુ કે સ્થાનિક લોકોની મદદથી વ્હોળાના પાણીમાં ફસાયેલા ૧૧૦ પરિવારોને બહાર કાઢી શાળામાં આશરો આપી ખાવા - પીવાનો પ્રબંધ કરાયો છે. પરંતુ હજુ સુધી તંત્રની ટીમ આવી નથી તેનો રોષ ઠાલવી અસરગ્રસ્તોને વળતરની માંગ કરી હતી.

**થરાદની તાલુકા...**

**પાના નં.૩ ચાલુ**

અત્રે નોંધનીય છેકે ૨૦૧૫ના ચોમાસામાં આવેલા પુરના કારણે કચેરીમાં ત્રણથી ચાર ફુટ પાણી ભરાવા પામતાં રેકર્ડ પણ પલળી જવા પામ્યો હતો.આથી રાહત કમિશ્નરે પણ કચેરીની મુલાકાત લીધી હતી.આ અંગે તાલુકા પંચાયતના સુત્રોએ જણાવ્યું હતુંકે આ જુના મકાનને કંડમ કરી કર્મચારી, અધિકારી તથા પ્રજાજનોના જીવની સુરક્ષા માટે નવું બનાવવું જરૂરી છે.જોકે આ અંગે દરખાસ્ત મોકલવામાં આવીછે જે મંજુર થઇને આવ્યેથી નવું બની શકશે.જોકે તે બને ત્યારે પણ અત્યારે સામાન્ય વરસાદમાં પાણી ટપકતી ઝળુંબતા મોત જેવી છતથી કર્મચારીઓમાં ભય સાથે ફફડાટ તથા હાલાકીઓ સાથે કામગીરી કરી રહ્યા છે.કચેરીનો રેકર્ડ ન પલળે તે માટે તેના પર નજર રાખવા ઉપરાંત બાલદીઓ જલ્દી ભરાઇ જતી હોવાથી તેને ખાલી કરવાની વધારાની કામગીરી પણ કરવી પડી રહી છે.

**બનાસકાંઠામાં...**

**પાના નં.૩ ચાલુ**

વ્રતધારી મહિલાઓ આજે સવારે શુભ મુહુર્તે ઘરે માતાજીની પાટ સ્થાપના કરી વિધિવત રીતે વ્રતનો આરંભ કરશે. અને દસ દિવસ નકરોડા ઉપવાસ રાખી માતાજીની પૂજા- અર્ચના કરશે. વ્રત દરમ્યાન ભાવિકોના ઘસારાને લઈ ડીસા સહિત જિલ્લાભરમાં આવેલા દશામાના મંદિરોએ વિશેષ વ્યવસ્થા કરાઈ છે. મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. અનેક મંદિરોમાં રાતે ગરબાનું આયોજન પણ ગોઠવાયું છે. ડીસાના રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ દશામાના મંદિર નજીક દર વર્ષની જેમ આ વર્ષે પણ આનંદ મેળો ગોઠવાઈ રહ્યો છે. તેથી વ્રતને લઈ ખાસ કરીને મહિલાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

**બ્રાહ્મણ સમાજ...**

**પાના નં.૩ ચાલુ**

કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને આંદોલન ની તમામ જવાબદારી પ્રસાસન ની રહેશે ત્યારે ઉપસ્થિત પોલીસ અધિકારી દ્વારા ડૉ. મંગલ ની ઝડપથી અટક કરી કાર્યવાહી કરવામાં આવશે તેવી ખાતરી અપાઈ હતી.

**આજથી સમગ્ર...**

**પાના નં.૩ ચાલુ**

દશામાના વ્રતનું મહત્વ અનેરૂ છે.અને મહીલાઓ શ્રધ્ધાભેર તેમની ઈચ્છાઓ પૂર્ણ થાય તે હેતુથી દશામાના વ્રત કરી રહી છે.દિવાસાના દિવસથી શરૂ થયેલ વ્રતને બહેનો રંગબેરંગી માતાજીની મૂર્તિ સાથેની સાંઢણીઓ પ્રસ્થાપિત કરી શરૂ કરેલ. દશામાના ૧૦ દિવસના વ્રત દરમ્યાન દીઓદરમાં અનેક સોસાયટીમાં ગરબાઓનું પણ આયોજન કરવામાં આવેલ છે.આ સાલે પુરતા પ્રમાણમાં વરસાદ થયો હોવાથી વ્રતધારી મહીલાઓમાં પણ ઉત્સાહ દેખાઈ રહ્યો છે.

**હાઇવેનો ફુટપાથ...**

**પાના નં.૩ ચાલુ**

એક તરફ ચોમાસુ હોવાથી રોડ ઉપર પાણી ભરાઈને પડ્યા રહે છે ત્યારે બીજી તરફ ફુટપાથ દબાણમાં હોવાથી વિધાર્થીઓ ભારે મુસ્કેલી ભોગવી રહ્યા છે અને આ બાબતે લોકોએ અવાર નવાર માર્ગ અને મકાન વિભાગને રજુઆતો કરવા છતાં આ દબાણો દુર કરવામાં આવતા નથી. આ અંગે કાનજીભાઇ પટેલે જણાવેલ કે આ ફુટપાથ ઉપર દબાણો કર્યા છે જ્યારે બાળકો ચાલે છે ત્યારે આ દુકાનદારો ચાલવા દેતા નથી જેથી બાળકોને રોડ ઉપર ભરાયેલ ગંદા પાણીમાં ચાલવુ પડે છે અને જો આ બાબતે તંત્ર પગલા નહી ભરે તો તેમની સામે પણ મુખ્યમંત્રીને ફરીયાદ કરીશુ.

**મીઠી - પાલડીમાં...**

**પાના નં.૩ ચાલુ**

મુર્તિઓ ખરીદનાર વ્રતધારી મહિલાઓની ભારે ભીડના કારણે વેપારીઓ પણ ગેલમાં આવી ગયા છે, દર વર્ષની જેમ આ વર્ષે પણ સારી મુર્તિઓનું વેચાણ થશે તેવી આશા વેપારીઓ સેવી રહ્યા છે, મુર્તિઓની સાથે સાથે પુજાની સામગ્ર તેમજ પુજાપો પણ એટલીજ માત્રામાં વેચાઈ રહ્યો છે.

આ બાબતે વેપારી દલપતભાઈ ઠાકોર તથા સોવનજી ઠાકોર તેમજ ગણપતભાઈ કાપડીના જણાવ્યા અનુસાર ગઈ સાલ કરતા આ સાલ વરસાદી માહોલ તેમજ ઠંડી ગરાગી હોવા છતાં પણ વધુ માત્રામાં મુર્તિઓ વેચાઈ રહી છે.

**કાંકરેજ તાલુકામાં...**

**પાના નં.૩ ચાલુ**

ઘણા વર્ષો બાદ આવો વરસાદ જોયો છે. જો આવી મહેર રહે તો આગામી ચોમાસુ સિઝન સોળ આની થવાની જ છે. નોટબંધી બાદ શ્રીકાર વરસાદે ખેડુતોના ચહેરા પર ખુશાલી લાવી દીધી છે. કાંકરેજ તાલુકાના થરા સહિત આજુબાજુના ગામડાઓમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ઘુસ્યા હતા. ખેતરોમાં ધોવાણ થયા હોવા છતાં ખેડુત- પશુપાલક વર્ગમાં ખુશાલીનો માહોલ ચોક્કસ છે. બાર કલાકમાં લગભગ ચાર- પાંચ ઈંચ વરસાદ ખાબક્યાના વાવડ મળી રહ્યા છે. થરા નગરના અમીધારા- તાણા રોડ - ચામુંડા રોડ સહિતના ઘણા વિસ્તારો વરસાદી પાણીમાં ગરકાવ થયા હતા. આ વર્ષની સીઝન શ્રેષ્ઠ રહેશે. સામાન્ય નુકસાની સિવાય એકંદરે મેઘરાજાની મહેર સર્વત્ર છેલ્લા બાર કલાકમાં રહી હતી.

**દીઓદર...**

**પાના નં.૮ ચાલુ**

અને શુક્રવારે મધરાતથી શરૂ થયેલ વરસાદ શનિવાર બપોરે ૨ વાગ્યા સુધીમાં ૮ ઈંચ જેટલો વરસાદ ખાબકેલ.દીઓદરમાં વધુ પાણી ભરાઈ જવાથી દીઓદર મામલતદારશ્રીને જાણ કરતા દીઓદર મામલતદારશ્રી ઘટના સ્થળે પહોંચીને જે.સી.બી.થી ભરાયેલા પાણીનો અન્ય જગ્યાએ નિકાલ કરવામાં આવ્યો હતો.ત્યારે હવામાન વિભાગની ભારેથી અતિ ભારે વરસાદન આગાહીને પગલે દીઓદર વહીવટી તંત્ર એલર્ટ થઈ ગયું હતું. સુત્રોના જણાવ્યા પ્રમાણે સમગ્ર ગુજરાતમાં સૌથી વધારે વરસાદ દીઓદર પંથકમાં થયેલ હોવાનું જાણવા મળેલ.

**પાલનપુરના ...**

**પાના નં.૮ ચાલુ**

સ્થળે જ મોત નીપજ્યું હતું. જયારે અન્ય એક મહિલા ઘાયલ થતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડાઈ હતી. જયાં તેની હાલત વધુ નાજુક જણાતા તેને સારવાર અર્થે અમદાવાદ ખસેડાઇ હોવાના અહેવાલ સાંપડ્યા છે.

ગામના ૫૦ વર્ષીય શાંતા બેન રામજીભાઈ પ્રજાપતિને ગંભીર ઈજાઓ થઇ હતી.મૃતક અને ઘાયલ મહિલાને પાલનપુર સિવિલમા ખસેડાયા હતા.બનાવ ને પગલે તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

**લાખણીમાં...**

**પાના નં.૮ ચાલુ**

મુશ્કેલીમાં મુકાયા હતા. માર્ગો ઉપર પાણી ભરાવાથી વાહનો પાણીમાં ફસાયા હતા. લાખણીનું ખાડીયા તળાવ છલકાતા બાજુમાં આવેલ શોપીંગ સેન્ટરમાં પાણી ફરી વળવાની દહેશતથી દુકાનદારોએ દુકાનો ખાલી કરી દીધી હતી. જો રાત્રિ દરમિયાન વધુ વરસાદ થાય તો સોસાયટી કે ઘરમાં પાણી ઘુસી જવાની ભારે સંભાવનાને લઈને લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

**જાસનવાડાં...**

**પાના નં.૮ ચાલુ**

ઘઉં, ચોખા, દાળ અને તેલ બળીને ખાક થઈ ગયો હતો. સવારે દુકાનદાર ભરતભાઈ લખમણભાઈ પટેલે આ બાબતની મામલતદાર કચેરીએ જાણ કરી હતી. તેથી મામલતદાર વી.ડી પુજારાએ ઘટના સ્થળે પહોચી દુકાનમાં આગ કેવી રીતે લાગી તેનું પંચનામું કર્યું હતું. તેની જાણ ભાભર પોલીસ મથકમાં કરવામાં આવી છે. આગ લાગવાથી દુકાનમાં પણ મોટું નુકશાન થવા પામ્યું છે. સસ્તા અનાજનો જથ્થો બળી જતાં ગામમાં ચકચાર મચી છે. અત્રે નોંધનીય છે કે આગ કોઈકે અદાવતમાં જાણી જોઈને લગાડી હોવાની ચર્ચાઓ ગામમાં થઈ રહી છે. પોલીસ તપાસ બાદ સાચી ખબર પડશે કે આગ અકસ્માતે લાગી ? કે કોઈએ લગાડી? હાલમા તેની ચર્ચાએ ગામમાં ચગડોળે ચડી છે.

## નરગીસ પાસે હાલમા વધારે ફિલ્મ નથી : રિપોર્ટમાં દાવો

બોલિવુડમાં ઘણા સમયથી હોવા છતાં તેની નરગીસ પાસે વધારે ફિલ્મો હાથમાં આવી રહી નથી. કુશળ અભિનેત્રી તરીકેની સાબિતી તે કેટલીક ફિલ્મોમાં ભૂમિકા અદા કરીને આપી ચુકી છે. જો કે તે હજુ આશાવાદી બનેલી છે. તે માત્ર ફિલ્મોમાં જ નહી બલ્કે જાહેરાત મારફતે પણ કમાણી કરી રહી છે. સલમાન ખાન સાથે કિક ફિલ્મમાં આઈટમ સોંગમાં જોરદાર પરફોર્મ કર્યા બાદ તેને ફિલ્મ અને જાહેરાત હવે વધારે મળી હતી. રોક સ્ટાર ફિલ્મમાં રણબીર કપુર સાથે કામ કરીને બોલિવુડમાં એન્ટ્રી કરનાર નરગીસને ફિલ્મો મળી રહી છે પરંતુ તે જાહેરાત પર વધારે ધ્યાન આપી રહી છે. સાથે સાથે ફિલ્મી કેરિયર પર ધ્યાન આપી રહી છે. આ જ કારણસર તે ઉદય ચોપડાની સાથે પણ સંબંધ તોડી ચુકી છે. અભિનેત્રીઓ વચ્ચે ચાલી રહેલી સ્પર્ધા વચ્ચે તે પણ મજબૂતી સાથે મેદાનમાં ઉતરવા તૈયાર છે. ચેક-પાકિસ્તાની મૂળની અભિનેત્રીએ એક બ્યુટી બ્રાન્ડ સાથે સમજૂતી કરી છે. નરગીસ પાસે પહેલાથી જ પાંચ બ્રાન્ડની જાહેરાતો છે. દીપિકા અને પ્રિયંકા ચોપડા જેટલી રકમ નરગીસ જાહેરાતોની દુનિયામાં મેળવી રહી છે. બોલિવૂડમાં અક્ષય કુમાર સાથે સાથે પણ તે કામ કરી ચુકી છે.

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

૧૬૪ મી બ્રીગેડને પણ નાથાંગ વિસ્તાર અને ઝુલુકવેલીયા મોકલી આપવામાં આવી છે.

સરહદી વિવાદ ઉકેલવામાં ભારત ચીન નિષ્ફળ નિવડયા હોવાનું વિદેશ સચિવ એસ.શંકરનું માનવું છે. તેમજ ભુતકાળમાં ભારત અને ચીન સરહદી વિવાદ ઉકેલવામાં સફળ રહ્યા હતા પરંતુ આ વખતે કોઈ કારણ ન હોવા છતાં શા માટે નિષ્ફળ રહ્યા છે તે સમજાતું નથી. ભારત અને ચીન વચ્ચે લાંબી સરહદ છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના સરહદી વિવાદો કે પછી પ્રાદેશિક વિવાદોને નિવારવા માટે એક મંચ ઉપર બંને પક્ષોના વિચારો વ્યકત કરવામાં આવે તો સામાન્ય સમજુતીથી વિવાદોને નિવારી શકાય ત્યારે ગત સોમવારથી ભારત અમેરીકા અને જાપાનના નૌકાદળો બંગાળની ખાડીમાં યુદ્ધ અયાસ શરૂ કરી રહ્યા છે તેથી ચીનના પેટમાં તેલ રેડાયું છે.

આ અભ્યાસમાં યુદ્ધજહાજો, સબમરીનો અને લડાયક વિમાનો હિસ્સો બની રહ્યા છે. આ અંગે ચીને એવું જણાવ્યું હતું કે આ યુદ્ધ અભ્યાસ કોઈ ત્રીજા દેશને લક્ષ્યાંક બનાવવા કરાશે નહીં. વળી ચીને યુદ્ધ અભ્યાસ પર નજર રાખવા એક જહાજ તૈનાત પણ કર્યું છે. આમ નૌકા અભ્યાસથી ચીન શા માટે ડર અનુભવી રહ્યું હશે તે વાત આમ તો સામાન્ય છે પરંતુ ચીન ગંભીર બની ચુકયું છે એ વાત ચોક્કસ છે. બીજી તરફ સિક્કીમની સરહદ પર બે દેશોની સેના વચ્ચે ચાલી રહેલા ગજગ્રાહ મધ્યે ચીને ભારતનો પ્રવાસ કરતાં તેના નાગરીકોને એલર્ટ નોટીસ જારી કરતાં તેમની વ્યક્તીગત સુરક્ષા પર ધ્યાન આપવા ચેતવણી આપી છે.

૧૯૮૦ માં થયેલ સિક્કીમ તીબેટ સંધિ જુઠાણું હોવાનો દાવો રાજકીય નિષ્ણાંતો કરી રહ્યા છે અને નિષ્ણાંતોનું કહેવું છે કે આ સંધિ પર તિબેટેપોતાના હસ્તાક્ષર કર્યા જ ન હતા. ડોકાણ પર દાવો કરતી વખતે ચીને આવા કોઈ દસ્તાવેજોનો ઉલ્લેખ કર્યો જ ન હતો. જ્યારે તિબેટની સરકારે ૧૯૯૦ ની સમજુતીને સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.

## કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

દેશના ક્રિકેટરો મહાન છે એ ભારતને તો મહાન સમજે છે. સાથે સાથે એ પોતાની જાતને પણ માને છે. વર્ષના બાર મહીના દડા ટીચી, ટીચીને લાખો, કરોડોમાં એ આળોટીરહ્યા છે. એમની કમાણી અને તિજોરીમાં પડેલું ધન જોઈ ભલભલા અધધધ.. કરી જાય. ગઈ કાલ સુધી ગમે તેવા ઘરમાં રહેતા હતા. સાધારણ જીવન અને ખપાટીયા જેવું વાહન ચલાવતા એમને ભગવાન કૃષ્ણે સુદામાને આપેલા મહેલ જેવો વૈભવ જો મળી જતો હોય તો એમને મન આ દેશ સાચે જ મહાન છે. પેવેલિયનમાં બેસીને પૈસા અને સમયની બરબાદી કરતા દર્શક પ્રેક્ષકને આ દેશ મહાન ન લાગે એ બે નંબર જેવી વાત છે. દેશમાં છાશવારે જાતજાતની મેચ રમાવી આવા ખેલાડીઓને ધનથી સંપન્ન કરવામાં આવે છે. એવા એ દેશના ખેલાડીઓ દેશને કયાંથી અધમ કહેવાના છે ? ક્રિકેટ સિવાયની બીજી રમતોમાં ખેલાડીઓ બિચારા ઓશિયાળી દીન દશામાં ફરતા હોય એ બે નંબરની વાત છે.

તો દેશના રાજકારણમાં પેઢી દર પેઢીથી બેટીંગ કરી રહેલા રાજપુરૂષો ય દેશને મહાન જ કહેવાના છે. વર્ષો પહેલાં અગિયારસો રૂપિયા બેંક બેલેન્સ હતું અને નળીયાં વાળું ઘર હતું ત્યારથી રાજકારણમાં બેટીંગ ચાલુ કરી અને પછી જે રળ્યાં.. જે ફળ્યાં અને ઘર બન્યું. બેંક બેલેન્સ વધ્યું.. ભઈ ભાંડુ પુત્રવધુઓ ગોઠવાઈ.. અંગુઠા છાપ હતા છતાંય એવી છાપ મારી કે લોકો ઘડી બે ઘડી જોતા રહી ગયા. એવા આ દેશના રાજપુરૂષોને મન આ દેશ મહાન લાગવાનો જ છે એમાં મીનમેખ નથી.

બાકી રોજ સવારે દુધ, શાકભાજી, છોકરાંને શાળાની ફી વગેરે મામલે ઘરમાં રાહડા અને રાગડા તણાતા હોય એને દેશ મહાન લાગતો હશે એ એક પ્રશ્ન છે. બાકી આખીય જીંદગીભર શરીર તોડ મહેનત કરવા છતાંય જો ઘરનું ઘર ના બને, બેંક બેલેન્સ ન થાય અને બીમારી ટાણે ઈલાજ માટે હોસ્પિટલમાં કોઈ હાથ મુકવા ના દે.. એ આ દેશને મહાન કરી શકશે ખરા ?ફિલ્મી કલાકારો જે કરોડોમાં આળોટતા મનાય છે તેમને પણ આ દેશ મહાન લાગવાનો દીપીકા કે સલમાનને તો આદેશ મહાન લાગ્યો છે જ. આમીરખાનને લાગે છે કે કેમ એ પ્રશ્ન છે. અવાર નવાર વિવાદી વિધાનો કરે છે પણ એને ખબર છે બોલે રાખો.. તો ચૂંટણીમાં ઉભા રહેલા અને પ્રજાને પગે લાગીને પછી પગે પડાવતા નેતાઓને ય દેશ મહાન લાગવાનો સવાલ છે.. સામાન્ય પ્રજાને લાગે છે ?

ખામોશ.. આમાં સામાન્ય પ્રજાને કોઈ અભિપ્રાય પુછાતો નથી..

ઠોક બે તાલી.. આપણો દેશ મહાન છે એની..

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

પીળા રંગની ઓળખ કરી શકે છે.

સૌથી આશ્ચર્યજનક રંગદ્રિષ્ટ હોય તો મધમાખીની,મધમાખીને સફેદ ફુલો પારજાંબલી રેન્જમાં દેખાય છે. આ પારજાંબલી કિરણોની તરંગલંબાઈ માનવ આંખોની દ્રષ્ટીમાં અદ્દશ્ય છે. પરંતુ મધમાખીની ચક્ષુદ્રિષ્ટ તેના પ્રત્યે સેન્સિટીવ હોય છે. મધમાખીને ફુલોમાં પાંખડીઓની વચ્ચે આછા સફેદ પરાગકોષો અને મધુગ્રંથિને શોધવાની હોય છે. અલ્ટ્રાવાયોલેટ કિરણોમાં 'પ્રકાશતી' સફુદ ફુલપાંખડીઓ વચ્ચેનો એ ભાગ મધમાખીને ઘેરાશ પડતો ભુરો દેખાય છે. એટલે તેને શોધવાને માટે મધમાખીને નાહકની ઊર્જા વ્યય કરવી પડતી નથી. સાથોસાથ ફુલો પણ પોતાનો સ્વાર્થ જાળવી રાખે છે. પરાગનયનથી તેને પણ લાભ થાય છે. કુદરતે ૧૫ જાતના પંખીડાને પારજાંબલી અલ્ટ્રાવાયોલેટ કલર વિઝન આપી છે.દરેક પ્રાણી પક્ષી કે કીટકો અલગ અલગ રંગ પારખી શકે છે પણ માનવીની જેમ નહિ. કારણકે તેઓની ચક્ષુદ્રિષ્ટ મુખ્ય ઈન્દ્રિય નથી. ઘણા ખરા સજીવો ગંધ અને સાંકેતિક ભાષા દ્વારા જ પોતાનું કાર્ય કરે છે.

**કમલેશ કંસારા**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૩૭૫૦૦-૩૮૦૦૦**
રૂપુ કાચું ૩૭૫૦૦-૩૮૦૦૦
સોનુ તોલો ૨૮૫૦૦-૨૯૦૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૮૯૦-૯૦૦**
પામોલીન ૮૮૫-૯૫૦
સોયા રીફાઈન ૧૨૧૦-૧૨૨૦
રાયડાતેલ ૧૫કી.૧૧૫૦-૧૨૨૫
સીંગતેલ૧૫ કી. ૧૬૦૦-૧૬૩૦
સીંગતેલ ૧૫ લી.૧૫૦૦-૧૫૨૦
સીગતેલ ૫ લી. ૫૦૦
તિરૂપતી કપા. ૧૨૩૦
૫ લીટર ૩૯૫
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૦૦
કોપરેલ ૧૫ કિલો ૨૨૮૦
૫ કે. કોપરેલ ૮૪૦
૫લી. અંકુર સીંગતેલ ૫૦૦
**૧૫ લીટર સનફલાય ૧૧૮૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૦૦
૫ લી. ૩૭૦
૨ લી. ૧૫૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૮૫૦૦
ગેટ વ. રોયલ ૬૦૦૦
ગેટવે રેગ્યુલર ૫૨૦૦
ગેટવે રીઝાના ૪૪૦૦
ગેટવે એવરેડી ૪૦૦૦
ગેટવે ડેઈલી ૩૫૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૨૩૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦

દુન તીબાર ૫ કી. ૮૨૦૦
દુન તીબાર ૧ કી. ૮૨૦૦
હાથી ૧૧૨૧ ૬૮૦૦
બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦
નર્મદા મગ પોલીસ ૫૮૦૦
મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૮૫૦૦
અડદદાળ નર્મદા પ્રી. ૮૦૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૭૦૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૫૦૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
હાથી ૮૧૭ આખા નવા ૭૭૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૫૮૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૯૮૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૬૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૧૦૦
દાવત ૬૦ મીની જુના ૩૨૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૫૦૦
હેરીટેજ તીબાર ૭૨૦૦
હેરીટેજ દુબાર ૫૫૦૦
હેરીટેજ મીની દુબા ૪૫૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૦૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦

ઓરેન્જ ૫૬૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૨૮૦૦
ચણાદાળ ૪૪૪ ૮૮૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૬૦૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૮૫૦-૩૯૦૦**
**ખાંડ એમ.૪૦૦૦**
ખાંડએલ. ૪૦૫૦-૪૦૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦

વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૨૫૦-૧૨૮૦
જીરાળુ ૧૯૦૦-૨૦૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૯૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૫૦-૨૪૦
સાકરીયા ૪૫૦૦
ખાંડ બુરૂ ૪૨૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૨૦૦-૩૦૦
સુકી ડુંગળી ૧૪૦-૧૫૦
લસણ ૮૦૦-૯૦૦
ધાણા ૯૦૦-૧૨૦૦
મરચાં ૮૦૦-૧૦૦૦
લીબુ ૩૦૦-૪૦૦
અડવી પત્તા ૨૦૦-૪૦૦
આદુ ૧૦૦૦-૧૧૦૦
રીંગણ ૪૦૦-૫૦૦
ટામેટા ૧૪૦૦-૧૬૦૦
ભીંડા ૪૦૦-૫૦૦
કોબી ૨૪૦-૨૮૦
વટાણા ૯૦૦-૧૧૦૦
ટીંડસા ૪૦૦-૭૦૦
**ગવાર ૯૦૦-૧૦૦૦**
બાદશાહ બટાકા ૧૩૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦-૧૪૦
ચોળી ૧૪૦૦-૧૬૦૦
તુરીયા ૮૦૦-૧૦૦૦

## Health tips- દહીંમાં મિક્સ કરીને ખાવું આ ૫ વસ્તુઓ, બમણું લાભ મળશે

ગર્મીમાં દહીંનું સેવન તો ઘણા લોકો કરે છે કારણકે તેનાથી શરીરને ઠંડકની સાથે સાથે ક્ખૂબ એનર્જી પણ મળે છે. દહીંમાં ગુડ બેક્ટીરિયા, કેલ્શિયમ વિટામિંસ અને મિનર્લ્સ હોય છે, જે આરોગ્ય માટે ખૂબ લાભકારી હોય છે? પણ જો તેમાં કેટલીક વસ્તુઓ મિક્સ કરી ખવાય તો તેના ફાયદા બમણા અને વધી જાય છે. આજે અમે તમને જણાવીશ તેના વિશે ..

**૧. દહીંમાં શેકેલું જીરું**

દહીંમાં સંચણ અને શેકેલું જીરું નાખી ખાવાથી ભૂખ વધે છે. તેની સાથે ડાઈજેશનની સમસ્યા પણ દૂર રહે છે.

**૨.દહીં અને મધ**

દહીંમાં મધ મિક્સ કરી ખાઆથી ખૂબ ફાયદો મળે છે. આ એંટીબાયોટિક્નો કામ કરે છે. દહીંને આવી રીતે સેવન કરવાથી મોઢાના અલ્સરથી રાહત મળે છે.

**૩. દહીં અને કાળી મરી**

દહીંમાં કાળી મરી અને સંચણ મિક્સ કરી ખાવાથી જાડાપણ ઓછું હોય છે અને એક્સ્ટ્રા ફેટ બર્ન હોય છે.

**૪. દહીં અને ડ્રાઈ ફ્રૂટસ**

દહીંમાં ડ્રાઈ ફ્રૂટસ અને ખાંડ મિક્સ કરી ખાવાથી નબળાઈ દૂર હોય છે. દુપળાપનથી રાહત મળે છે.

**૫. દહીં અને અજમો**

દહીંમાં અજમો મિક્સ કરી ખાવાથી પાઈલ્સની સમસ્યા દૂર હોય છે.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★ 'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ..........................................................
સરનામુ : ..........................................................
મોકલનારની સહી : ................................................

## શ્રદ્ધા કપુર હસીના ફિલ્મમાં પડકારરૂપ રોલમાં ચમકશે

બોલિવુડમાં પોતાને સ્થાપિત કરવામાં સફળ થઈ ચુકેલી અભિનેત્રી શ્રદ્ધા કપુર હવે હસીના ફિલ્મમાં પોતાની પડકારરૂપ ભૂમિકાને ન્યાય આપવા માટે સતત પ્રયાસ કરી રહી છે. આના માટે તે ભારે મહેનત કરી રહી છે. આ ફિલ્મનુ શુટિંગ હવે પૂર્ણાહુતિના આરે છે. ફિલ્મને ૧૪મી જુલાઈના દિવસે રજૂ કરવાની તૈયારી છે. ક્રાઈમ ફિલ્મને લઈને ચાહકો ઉત્સુક છે. ઓકે જાનુ અને હાફ ગર્લફ્રેન્ડ જેવી ફિલ્મો સરેરાશ રહ્યા બાદ શ્રદ્ધા કપુર હતાશ નથી. તે હવે નવી ફિલ્મ હસીનમાં નજરે પડનાર છે. અપૂર્વ લાખિયા હસીના નામની ફિલ્મ બનાવી રહ્યા છે. જેમાં તે નજરે પડનાર છે. તેના પતિની ભૂમિકામાં અંકુર ભાટિયા દેખાશે. ફિલ્મ સરબજીતમાં એશના પતિની ભૂમિકા અદા કરી ચુકેલો અંકુર ભાટિયા હવે શ્રદ્ધાના પતિની ભૂમિકામાં દેખાશે. અંકુરને બન્ને ફિલ્મો વાસ્તવિક ઘટના પર આધારિત હાથ લાગી છે. અંકુર કહે છે કે શ્રદ્ધા કપુર સારી અને કુશળ અભિનેત્રી છે. હસીના દાઉદની બહેન હસીના પર આધારિત ફિલ્મ છે. અપૂર્વ લાખિયા સાથે ફિલ્મ મળ્યા બાદ તે ભારે ખુશ છે. બીજી બાજુ તીન પત્તિ ફિલ્મમાં ફલોપ રહ્યા બાદ શ્રદ્ધા ફલોપ અભિનેત્રી તરીકે ગણવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ તેની આંશિકી-૨ ફિલ્મ વર્ષ ૨૦૧૩માં આવી હતી. જે બોક્સ ઓફિસ પર સુપર હિટ રહી હતી. આ ફિલ્મ બાદ તે રાતોરાત સ્ટાર બની ગઈ હતી. આ ફિલ્મ વર્ષ ૧૯૯૦માં આવેલી રાહુલ રોયની આંશિકી ફિલ્મની સિક્વલ ફિલ્મ હતી. તે ફરહાન અખ્તરની રોક મ્યુઝિકલ ફિલ્મ રોક ઓન-૨ ફિલ્મમાં હાલમાં નજરે પડી છે. જો કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફલોપ સાબિત થઈ રહી છે. નવી અભિનેત્રીઓની દોડમાં તે પાછળ રહેવા ઈચ્છુક નથી. બોલિવુડમાં સિક્વલ ફિલ્મોમાં શ્રદ્ધા કપુરને વધારે લેવામાં આવી રહી છે. તે સિક્વલ ફિલ્મની ક્વીન તરીકે ઉભીર રહી છે. સૌથી પહેલા તે આશિંકીની સિક્વલ ફિલ્મમાં નજરે પડી હતી.

# hkÄLkÃkwh{kt [kh fhkuz nkuÂMÃkx÷Lku ðhMkkË

# çknw[hkS{kt ÃkkxeËkh yLkk{kt yktËku÷Lk Mkr{ríkLke çkuXf ÞkuòE



# ykøkk{e hk,kÞrýf ¾kŒh™e Œ{™e Þw÷ Aw-{tºke {™,w¾¼kR

# fwý½uh ¾kíku [qzu÷ {k îkhk ykfkh Ãkk{e hnu÷

# rðMkLkøkh{kt ðkhMkkE s{e ...

# çkkçkíku Mkøkk ¼kE Ãkh Ä...

# Ÿík- WLkkðk ðå[u ykðu÷ Vuõxhe{ktÚke ðrhÞk¤eLkku ¼u¤Mku¤Þwõík sÚÚkku sÃík

*{nuMkkýk ¾kuhkf yki»kÄ rLkÞ{LkíktºkLkLkk MkÃkkxku*



# ...kxý SÕ÷k™k «¼khe {tºke™k yæÞûk Ãkk {nkuí,ð™k ykÞkus™ yt„u™e ,{eûk ƒuX

# hkÄLkÃkwh{kt økw... yr¼LktËLk fkÞo...



f{÷ [¢ðíkeb

# ™„h...kr÷fk™k f{o[kheyku ÿkhk ,kŒ{k...kh™k {kt„ýe™u ÷E™u {kt,ýe™u ÷E™e ™„h...kr÷fk™k f{o[kheyku ÿkhk ,kŒ{k ...rh...ºk™e nkuÚe fhe™u rðhkuÄ



Mkíke»k ¼è

ત્યારે સરકારના પરિપત્રની હોળી કરીને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો...

હિંમતનગર નગરપાલિકાના ૧૦૦ થી પણ વધુ કર્મચારીઓએ આજે પાલિકામાં એકત્રિત થઈને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો અને તમામ લોકોએ પરિપત્રની હોળી કરીને સરકાર વિરોધી સુત્રો ચાર કર્યા હતા.

હિમતનગર નગરપાલિકાના કર્મચારીઓ દ્વારા સાતમા પગારપંચની માંગણીને લઈને વિરોધ દર્શાવી સરકારના પરિપત્રની હોળી કરીને વિરોધ દરઅશાવ્યો હતો... સાતમાં પગાર મંચના મામલામાં નગરપાલિકાના કર્મચારીઓ સરકાર સામે લડાયત મુડમાં છે અને અગાઉ પર હળતાલ પર ઉતરી જઈને પોતાનો વિરોધ દર્શાવ્યો હતો ત્યારે આજેથી પણ ૩૦ દિવસની હળતાલ પર ઉતરવાના હતા પરંતુ વરસાદનુ પર્માણ વધુ હોવાને લઈને હળતાલ મોકુફ રાખવામાં આવી હતી

# ËhnkuR{kt ðuÃkkheLke ...÷k÷¾ ÷wtxe ÷uðkÞk

# પાકે જુલાઇમાં ૧૮ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો

# ÃkkxýÿkÞ{kt ËuðeÃkwsf Mkk... rËðkMkkLke Wsðýe

# ...kxý ¾kŒu {k ™{oËk {... ykÞkus™ yt„u™ku yk¾h...

